રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 237 | Dt. 08-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

PM મોદીનું ૨૦૪૭નું લક્ષ્ય નક્કી

સત્તામાં ૨૫ વર્ષ પૂર્ણ થવા પર કહ્યું રાષ્ટ્રની સેવા માટે માંગી ઊર્જા



નવીદિલ્હી, તા. ૭

દિલ્હીમાં વિકાસિત ભારત સંકલ્પ સભાને સંબોધતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના લોકોનો આભાર માન્યો અને નવું સૂત્ર, ''આપણે કરીશું'' શરૂ કર્યું. તેમણે કહ્યું, ''આજે, મેં વિનાયક મંદિરની મુલાકાત લીધી, જ્યાં મેં દેશ માટે ભગવાનને પ્રાર્થના કરી... મેં મારા માટે પણ પ્રાર્થના કરી... અને ભગવાનને વિનંતી કરી કે મને રાષ્ટ્રની સેવા ચાલુ રાખવા માટે ઊર્જા આપે.'' પીએમ મોદીએ કહ્યું, ''છેલ્લા ૨૫ વર્ષોમાં, ઘણી બધી ચૂંટણીઓ યોજાઈ છે... પછી ભલે તે વિધાનસભાની ચૂંટણી હોય કે લોકસભાની ચૂંટણી, લોકોએ હંમેશા મને તેમની સેવા કરવા માટે પસંદ કર્યો છે... આજે, હું ભારતીય લોકશાહી અને ભારતના બંધારણને સલામ કરું છું... સેવા જ્યોતિ યાત્રામાં ભાગ લેનારા તમામ નાગરિકોને પણ અભિનંદન આપું છું.''

સભાને સંબોધતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, ''જ્યારે મેં ૭ ઓક્ટોબર, ૨૦૦૧ ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા, ત્યારે મેં ક્યારેય કલ્પના નહોતી કરી કે આ સીમાચિહ્નરૂપ આવશે... આજે, મેં સરકારના વડા તરીકે ૨૫ વર્ષ સતત સેવા પૂર્ણ કરી છે. આ ફક્ત લોકોના સતત આશીર્વાદને કારણે જ શક્ય બન્યું છે.'' હું ભારતના લોકો, ભારતીય જનતા પાર્ટી, રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન અને લોકશાહીમાં અતૂટ વિશ્વાસ ધરાવતા તમામ રાજકીય સાથીઓનો આભાર માનું છું. હું મારા દેશના લોકો પ્રત્યે કૃતજ્ઞતામાં માથું નમાવું છું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ''દેશે મને ઘણું બધું આપ્યું છે... તેથી, દેશ પ્રત્યેની મારી જવાબદારી પણ સૌથી મોટી છે... અને હું મારા હૃદયના તળિયેથી માનું છું કે દેશના દરેક નાગરિકનો મારા પર સૌથી મોટો અધિકાર છે... આ ૨૫ વર્ષનો જાહેર વિશ્વાસ, આ ૨૫ વર્ષનો અનુભવ એક મોટી સંપત્તિ છે... અને આ મૂડી ફક્ત મોદીની નથી, તે દેશની છે... ભારત માતાનું દરેક બાળક આ મૂડીનો હકદાર છે.'' પોતાના બાળપણને યાદ કરતા પીએમ મોદીએ કહ્યું, ''મને યાદ છે કે જ્યારે હું વડનગરમાં શાળામાં જતો હતો, ત્યારે અમારા શિક્ષક વિવિધ પાઠ શીખવતા હતા અને મારું નામ હંમેશા વર્ગમાં આવનારા પહેલા વિદ્યાર્થીઓમાં રહેતું... શીખવાની તે ઉત્સુકતા મારા જીવનનો એક ભાગ બની ગઈ, અને આજે પણ હું મારી જાતને એક વિદ્યાર્થી માનું છું.'' પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ''આજે, જ્યારે હું પાછળ ફરીને જોઉં છું, ત્યારે મને ફક્ત કૃતજ્ઞતાની લાગણી દેખાય છે. હું દરેક વ્યક્તિ, દરેક ઘટના માટે આભારી છું.'' દરેક વ્યક્તિનો જેણે મને કંઈક ને કંઈક શીખવ્યું છે. જેમણે મને જીત અપાવી, મને નમ્ર બનવાનું શીખવ્યું. જેમણે મને પતન કરાવ્યું, મને ફરીથી ઉભા થવાનું શીખવ્યું. શુભેચ્છકોએ મને પ્રોત્સાહિત કર્યા અને ટીકાકારોએ મને મારી અંદર જોવાનું શીખવ્યું. જેમણે મને ટેકો આપ્યો, મને વિશ્વાસની શક્તિ બતાવી. જેમણે મારો વિરોધ કર્યો, મને લોકશાહીની શક્તિ સમજાવી. દરેક કટોકટી મારી ધીરજની કસોટી હતી, દરેક સફળતાએ મારી જવાબદારી વધારી અને દરેક સિદ્ધિએ મને મોટા લક્ષ્યો તરફ આગળ વધવા માટે હિંમત અને જુસ્સો આપ્યો.

હોમ-ઓટો લોન મોંઘી થશે : નજીકના ભવિષ્યમાં વ્યાજદર નહીં ઘટે તેવી ગવર્નરની સ્પષ્ટતા : નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે GDP ગ્રોથનો અંદાજ ૬.૭ ટકાથી વધારી ૭.૧ ટકા કરાયો

રેપોરેટમાં ૨૫ બેઝિસ પોઇન્ટનો વધારો

નવી દિલ્હી, તા.૭

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની મોનિટરી પોલિસી કમિટીની ત્રણ દિવસની બેઠકના અંતે વ્યાજદરમાં વધારો કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. અગાઉની ત્રણ બેઠકોમાં વ્યાજદર યથાવત રાખ્યા બાદ, લગભગ સાડા ત્રણ વર્ષના લાંબા ગાળા પછી રેપોરેટમાં ૦.૨૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ સાથે નવો રેપોરેટ ૫.૨૫ટકા થી વધીને સીધો ૫.૫૦ ટકા પર પહોંચી ગયો છે. આ ઉપરાંત, SDF રેટ (સ્ટેન્ડિંગ ડિપોઝિટ ફેસિલિટી) વધીને ૫.૨૫ટકા અને MSF રેટ (માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી) ૫.૭૫ટકા પર પહોંચી ગયો છે.



દેશમાં ઊંચો ફુગાવો, રૂપિયામાં નબળાઈ, વૈશ્વિક બોન્ડ યીલ્ડ્સ અને ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા ઉછાળાને (બેરલ દીઠ ૧૦૦ ડોલર નજીક) ધ્યાનમાં રાખીને છઈ એ આ પગલું ભર્યું છે. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, રબી સિઝન પર નબળા ચોમાસા અને 'અલ નીનો' ના ખરાબ પ્રભાવને કારણે આ વધારો કરવો પડ્યો હોવાનું મનાય છે.

આરબીઆઈએ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિવિધ અંદાજોમાં ફેરફાર કર્યો છે. જેમાં કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ આધારિત મોંઘવારીનો અંદાજ ૫ ટકાથી વધારીને ૫.૨ ટકા અને કોર ફુગાવાનો અંદાજ ૪.૩ ટકાથી વધારીને ૪.૪ ટકા કરવામાં આવ્યો છે. ફુગાવાની ચિંતા વચ્ચે સારા સમાચાર છે કે દેશના રિયલ જીડીપી ગ્રોથનો અંદાજ ૬.૭ ટકાથી વધારીને ૭.૧ ટકા કરવામાં આવ્યો છે.

લોન લેનારાઓ પર સીધી અસર

વ્યાજદરમાં થયેલા આ વધારાની સીધી અસર સામાન્ય માણસના ખિસ્સા પર પડશે. બેંકબજારના નિષ્ણાંતોની ગણતરી મુજબ, જો કોઈ ગ્રાહકે ૨૫ વર્ષના સમયગાળા માટે ૩૦ લાખની હોમલોન લીધી હોય, તો તેના માસિક હપ્તામાં અંદાજે ૪૯૦નો વધારો થઈ શકે છે. તેવી જ રીતે, ૪૦ લાખની લોન પર ૬૫૪ અને ૫૦ લાખની લોન પર ૮૧૭ નો માસિક બોજ વધશે. લોન લેનારાઓના હપ્તા વધશે અથવા તો તેમની લોનનો સમયગાળો લંબાવી શકાશે. જોકે, વ્યાજદર વધવાથી ફિક્સ્ડ ડિપોઝિટમાં રોકાણ કરનારા લોકોને વધુ રિટર્ન મળવાનો ફાયદો થવાનું મનાય છે.

યુક્રેનનો વળતો પ્રહાર: રશિયાના બે તેલ ઠેકાણા અને ટ્રેનિંગ ગ્રાઉન્ડ ફૂંકી માર્યા

રશિયાનો યુક્રેન પર હુમલો : ૧૯ મોત



નવી દિલ્હી, તા.૭

રશિયાએ બુધવારે વહેલી સવારે યુક્રેનની રાજધાની કીવ સહિત આશરે એક ડઝન જેટલા વિસ્તારો પર મિસાઈલો અને ડ્રોનનો જોરદાર મારો ચલાવ્યો હતો. આ ભીષણ હુમલામાં ૪ બાળકો સહિત ઓછામાં ઓછા ૧૯ સામાન્ય નાગરિકોના મોત થયા છે, જ્યારે ૬૦ જેટલા લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. યુક્રેનની ગુપ્તચર એજન્સીઓને અગાઉથી મોટા હુમલાની આશંકા હતી, તેમ છતાં એર ડિફેન્સ મિસાઈલોની તંગીને કારણે તેઓ આ હુમલાને સંપૂર્ણપણે રોકી શક્યા ન હતા. આ ભયાનક હુમલાના વળતા જવાબમાં યુક્રેને પણ રશિયાના તેલ ઠેકાણાઓ પર લાંબા અંતરના ડ્રોન અને મિસાઈલો છોડીને મોટું નુકસાન પહોંચાડ્યું છે.

સૌથી મોટો વિનાશ ઉત્તરી ચેર્નિહીવ વિસ્તારના પ્રિલુકી શહેરમાં જોવા મળ્યો હતો, જ્યાં રશિયન મિસાઈલ સીધી એક રહેણાંક એપાર્ટમેન્ટ પર પડી હતી. આ હુમલામાં આખી બિલ્ડિંગ જમીનદોસ્ત થઈ ગઈ હતી. બચાવ કામગીરી દરમિયાન કાટમાળમાંથી ૧૮ લોકોના મૃતદેહ બહાર કઢાયા છે, જેમાં માત્ર ૧ વર્ષની વયના ત્રણ બાળકો તેમજ ૮ વર્ષના મેક્સિમનો સમાવેશ થાય છે. બચાવ ટીમોએ ૧૫ લોકોને જીવતા બહાર કાઢ્યા છે, જ્યારે હજુ પણ ઘણા લોકો લાપતા હોવાથી કાટમાળ હટાવવાનું કામ સતત ચાલુ છે.

હુમલો રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનના ૭૪મા જન્મદિવસે કરવામાં આવ્યો હતો. યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ દુનિયા સમક્ષ દર્દ ઠાલવતા કહ્યું કે, રશિયા સારી રીતે જાણે છે કે તેઓ સામાન્ય શહેરો અને નિર્દોષ બાળકો પર હુમલો કરી રહ્યા છે. આ મોસ્કો દ્વારા શાંતિ પ્રયાસોની સામે જાણી જોઈને પસંદ કરાયેલો આતંકવાદ છે. તેમણે વૈશ્વિક નેતાઓને અપીલ કરી કે હવે ચૂપ બેસી રહેવાનો સમય નથી, રશિયા પર દબાણ વધારવા માટે યુક્રેનને તાત્કાલિક નવા ડિફેન્સ પેકેજ આપવા જરૂરી છે.

રશિયાના ઘાતક હુમલાનો જવાબ આપતાં યુક્રેને મોડી રાત્રે રશિયાની અંદર આવેલા પર્મ, સમારા અને અસ્ત્રાખાન વિસ્તારોમાં બે મહત્વપૂર્ણ ઓઈલ ફેસિલિટી અને એક સૈન્ય ટ્રેનિંગ ગ્રાઉન્ડ પર મિસાઈલો અને લાંબા અંતરના ડ્રોનથી ચોક્કસ નિશાન સાધ્યું હતું. આ ઉપરાંત કાળા સમુદ્રમાં (બ્લેક સી) પણ યુક્રેને જડબાતોડ જવાબ આપ્યો હતો. ઝેલેન્સ્કીએ સોચી શહેર નજીક સમુદ્રમાં સળગતા તેલ ટેન્કરની તસવીરો પણ શેર કરી હતી, જે નોવોરોસિસ્કથી ભારત તરફ તેલ લઈને જઈ રહ્યું હોવાની ચર્ચા છે.

વૈશ્વિક ઓઈલ કટોકટી વિકટ

સ્થિતિ સુધરતા હજુ બે વર્ષ લાગશે તેવી કુવૈત પેટ્રોલિયમ કોર્પોરેશનના સીઈઓ શેખ નવાફ અલ સબાહેની ગંભીર ચેતવણી

નવી દિલ્હી, તા. ૭

વિશ્વભરમાં હાલ ઓઈલ કાઈસિસ (તેલ કટોકટી) ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે. કુવૈત પેટ્રોલિયમ કોર્પોરેશનના સી.ઈ.ઓ. શેખ નવાફ અલ સબાહે ગંભીર ચેતવણી ઉચ્ચારતા જણાવ્યું છે કે, વર્તમાન ઓઈલ કટોકટીમાં સુધારો આવતા હજુ ઓછામાં ઓછા બે વર્ષનો સમય લાગી શકે છે. ગલ્ફ (ખાડી) દેશોમાં પ્રવર્તી રહેલી 'અશાંતિ'ના કારણે કુવૈતનું દૈનિક ક્રૂડ ઉત્પાદન ૨.૬ મિલિયન બેરલથી ઘટીને સીધું ૨ મિલિયન બેરલ થઈ ગયું છે. બીજી તરફ, રિફાઈનરીઓને નુકસાન થવાથી ભવિષ્યમાં પેટ્રોલ અને ડીઝલની ભારે અછતનો સામનો કરવો પડી શકે છે.



'કોનોકો ફિલીપ્સ'ના ચેરમેન રીયાન લાન્સે પણ શેખ સબાહની આ ચેતવણીને સમર્થન આપ્યું છે. લાન્સના જણાવ્યા અનુસાર, આ કટોકટીમાંથી રિકવરી થતાં હજુ વધુ વર્ષો લાગી શકે છે અને આ પરિસ્થિતિ માત્ર ૨૦૨૭ જ નહીં, પરંતુ ૨૦૨૯ સુધી પણ ખેંચાઈ શકે તેવી સંભાવના છે.

રીયાન લાન્સે વધુમાં જણાવ્યું હતું કે, ડબલ્યુટીઆઈ (ઠઝઈ) ક્રૂડનો ભાવ જે હાલમાં આશરે બેરલદીઠ ૬૫ ડોલરની આસપાસ છે, તે વધીને ૭૦ ડોલર સુધી પહોંચી જશે. વૈશ્વિક તેલ-માર્કેટમાં 'સ્ટ્રેઇટ ઓફ હોર્મુઝ' (હોર્મુઝની સામુદ્રધુની) અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વર્તમાન ભૌગોલિક અસ્થિરતાને જોતા, સમય જતાં ક્રૂડના ભાવ બેરલદીઠ ૧૦૦ ડોલર સુધી પહોંચી જવાની પૂરી શક્યતા છે. ઓઇલ માર્કેટના નિષ્ણાતો આ ભાવવધારો કેવી રીતે રોકવો તે અંગે સતત મથામણ કરી રહ્યા છે. પરંતુ, હોર્મુઝ સ્ટ્રેઇટની અસ્થિર હાલતને લીધે ત્યાંથી પસાર થતા તેલવાહક જહાજોની સંખ્યા ઘટી રહી છે. આ ઉપરાંત, સાઉદી અરેબિયાના પૂર્વના બંદરોએથી રવાના થતા તેલવાહક જહાજો પર હુથી વિદ્રોહીઓના હુમલાનો ભય સતત તોળાઈ રહ્યો છે. આ તમામ પરિબળો સ્પષ્ટ ઈશારો કરી રહ્યા છે કે આ ઓઇલ કાઇસિસ આગામી સમયમાં સમગ્ર વિશ્વ માટે એક ભયંકર આર્થિક કટોકટી (ઇકોનોમિક કાઇસિસ) ઊભી કરશે તે નિશ્ચિત છે.

નૌકાદળના ૧૩ કર્મીઓ પર આશંકા : ૨ ની ધરપકડ

પાકિસ્તાનનું જાસૂસી નેટવર્ક આવ્યું બહાર : 'ઓપરેશન ફાયરવોલ-૨૦૨૬' હેઠળ આંધ્રપ્રદેશ સહિત ૧૦ રાજ્યોમાં 'કાઉન્ટર-ઈન્ટેલિજન્સ' દ્વારા મેગા સર્ચ ઓપરેશન શરૂ : વિશાખાપટ્ટનમમાંથી સિવિલિયન કોન્ટ્રાક્ટ ડ્રાઈવર અને કોઈમ્બતુરથી 'હનીટ્રેપ'માં ફસાયેલા નૌસેનિકની ધરપકડ

નવી દિલ્હી, તા.૭

વિજયવાડાના અહેવાલ મુજબ, પાકિસ્તાન સાથે જોડાયેલા જાસૂસી નેટવર્કની આશંકાને પગલે આંધ્રપ્રદેશ અને દેશના અન્ય ભાગોમાં કાઉન્ટર-ઈન્ટેલિજન્સ (CI) દ્વારા એક મોટું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આ તપાસમાં કુલ ૧૮ લોકો શંકાના દાયરામાં છે, જેમાં નૌકાદળના ૧૩ કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે.

રાજ્યની CI વિંગે આ માટે 'ઓપરેશન ફાયરવોલ-૨૦૨૬' શરૂ કર્યું છે, જેના અંતર્ગત ૧૨ ટીમો તૈનાત કરવામાં આવી છે. આ ટીમો આંધ્રપ્રદેશ, કેરળ, મહારાષ્ટ્ર અને કર્ણાટક સહિત ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં એકસાથે તપાસ કરી રહી છે. આ તપાસ મુખ્યત્વે શંકાસ્પદ વ્યક્તિઓ અને પાકિસ્તાની ગુપ્તચર એજન્ટો (PIOs) વચ્ચે એન્ક્રિપ્ટેડ કોમ્યુનિકેશન પ્લેટફોર્મ્સ દ્વારા થતી વાતચીત પર કેન્દ્રિત છે.

તપાસકર્તાઓ ભારતના પૂર્વ કિનારે આવેલા વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ નૌકાદળ મથક વિશાખાપટ્ટનમમાં ભારતીય નૌકાદળ અને સંરક્ષણ સંસ્થાઓને લગતી સંવેદનશીલ માહિતીને નિશાન બનાવવાની કથિત ઘટનાની તપાસ કરી રહ્યા છે. અધિકારીઓને આશંકા છે કે ગુપ્ત માહિતી એકત્ર કરીને પાકિસ્તાન સાથે જોડાયેલા એજન્ટોને પહોંચાડવામાં આવી હોઈ શકે છે.

તપાસ દરમિયાન અનેક શંકાસ્પદ વ્યક્તિઓ પાસેથી ઈલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા છે અને ૧૮ શંકાસ્પદોમાંથી ઓછામાં ઓછા બે વિરુદ્ધ પ્રાથમિક પુરાવા મળતા તેમની ધરપકડ કરવામાં આવી છે. જેમાં વિશાખાપટ્ટનમમાં સીઆઈ યુનિટના અધિકારીઓએ અન્નમ સાઈ વરાપ્રસાદ નામના નૌકાદળ સાથે કામ કરતા નાગરિક કોન્ટ્રાક્ટ ડ્રાઈવરની ધરપકડ કરી છે. તેના પર સંરક્ષણ સંસ્થાઓ વિશેની સંવેદનશીલ માહિતી પાકિસ્તાન સાથે જોડાયેલા એજન્ટને પહોંચાડવાનો આરોપ છે અને માહિતીના બદલામાં પૈસા મળ્યા હતા કે કેમ તેની તપાસ ચાલી રહી છે. જ્યારે શનિવારે કોઈમ્બતુરથી ૩૧ વર્ષીય નૌકાદળના નાવિક પ્રદીપ મુખર્જીની ધરપકડ કરવામાં આવી હતી. ૨૦૧૪માં નૌકાદળમાં જોડાયેલા મુખર્જી ધરપકડ સમયે કોઈમ્બતુર ખાતે તાલીમ અભ્યાસક્રમમાં ભાગ લઈ રહ્યા હતા. તેમના પર 'હનીટ્રેપ'માં ફસાયા બાદ પાકિસ્તાન સાથે જોડાયેલા એજન્ટોને દરિયાઈ સુરક્ષાને લગતી ગુપ્ત માહિતી લીક કરવાનો ગંભીર આરોપ છે.બાકીના સોળ શંકાસ્પદ વ્યક્તિઓ સામે હાલ તપાસનો ધમધમાટ ચાલુ છે.

જાસૂસીના તાર પાકિસ્તાની ગુપ્તચર એજન્ટો (PIOs) સાથે જોડાયેલા હોવાનો પર્દાફાશ, કુલ ૧૮ લોકો શંકાના દાયરામાં



૩૦ જૂને નિવૃત્ત થતા કર્મચારીઓ પેન્શનના હેતુ માટે વાર્ષિક ઈન્ક્રીમેન્ટ મેળવવા હકદાર છે

રોજમદારોને મળશે પગાર વધારાનો લાભ: સુપ્રીમ

રોજમદાર હોવાના કારણે લાભ ન મળી શકે તેવો ગુજરાત હાઇકોર્ટની ડિવિઝન બેન્યનો ચૂકાદો સુપ્રીમ કોર્ટે રદ કર્યો, ગુજરાત સરકારને મોટો ઝટકો : રાજ્ય સરકારને ૩૦ દિવસમાં નાણાંકીય ચૂકવણી કરવાનો સુપ્રીમનો આદેશ, ચૂકવણી ન થાય તો ૬ ટકા વ્યાજ વસૂલાશે

ગાંધીનગર, તા. ૭

સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારને મોટો ઝટકો આપતો એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. જસ્ટિસ સંજય કુમાર અને જસ્ટિસ સંજીવ ખન્નાની બેન્ચે ગુજરાત હાઇકોર્ટની ડિવિઝન બેન્ચનો નિર્ણય ફગાવી દીધો છે અને ગુજરાત સરકારની તે દલીલને રદ કરી દીધી છે કે દૈનિક વેતનદારોમાંથી કાયમી બનેલા કર્મચારીઓ ઈન્ક્રીમેન્ટ મેળવવા માટે હકદાર નથી.

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જે દૈનિક વેતનના કુશળ કામદારોને રાજ્ય સરકારના તા. ૧૭/૧૦/૧૯૮૮ ના ઠરાવ હેઠળ કાયમી કર્મચારી ગણવામાં આવ્યા હતા અને નિયમિત પગારધોરણ તથા નિવૃત્તિના તમામ લાભો આપવામાં આવ્યા હતા, તેમને માત્ર એટલા જ કારણસર નિવૃત્તિ પછી મળવાપાત્ર વાર્ષિક ઈન્ક્રીમેન્ટથી વંચિત રાખી શકાય નહીં કે તેઓ મૂળ રૂપે દૈનિક વેતનદાર તરીકે જોડાયા હતા.

આ કેસના અપીલકર્તાઓ ગુજરાત સિંચાઈ વિભાગમાં ૩૦ વર્ષથી વધુ સમય સુધી સેવા આપી હતી અને જુદી જુદી સાલમાં ૩૦ જૂનના રોજ નિવૃત્ત થયા હતા. તેમનો મુખ્ય વિવાદ નિવૃત્તિની તારીખ પછી તરત જ ૧ જુલાઈએ મળવાપાત્ર વાર્ષિક ઈન્ક્રીમેન્ટને લઈને હતો. અગાઉ સિંગલ બેન્ચે સુપ્રીમ કોર્ટના 'સી.પી. મુન્દ્રીનામાની' કેસના ચુકાદાને આધારે કર્મચારીઓની તરફેણમાં હુકમ કર્યો હતો. પરંતુ, રાજ્ય સરકારે ડિવિઝન બેન્ચમાં પ્રથમ વખત એવી દલીલ કરી હતી કે તેઓ મૂળ ૩ઈલી વેજ હોવાથી આ લાભ ન મેળવી શકે. ડિવિઝન બેન્ચે આ સ્વીકારીને સિંગલ બેન્ચનો ઓર્ડર રદ કર્યો હતો, આથી કર્મચારીઓ ન્યાય માટે સુપ્રીમ કોર્ટમાં ગયા હતા.



સુપ્રીમ કોર્ટનો અંતિમ આદેશ

સુપ્રીમ કોર્ટે અગાઉના ચુકાદાઓનો સંદર્ભ આપીને સ્પષ્ટ કર્યું કે ૩૦ જૂને નિવૃત્ત થતા કર્મચારીઓ પેન્શનના હેતુ માટે વાર્ષિક ઈન્ક્રીમેન્ટના હકદાર છે. ફેબ્રુઆરી ૨૦૨૫ ના એમ.સિદ્ધરાજ કેસના આદેશની સુધારેલી કલોઝ મુજબ, અપીલકર્તાઓએ વર્ષ ૨૦૨૨ માં જ હાઈકોર્ટમાં રિટ પિટિશન દાખલ કરી હોવાથી તેઓ આ લાભ માટે સંપૂર્ણપણે હકદાર થયા છે. સુપ્રીમ કોર્ટે સત્તાવાળાઓને ૩૦ દિવસમાં આ નાણાંકીય રકમ ચૂકવી દેવાનો આદેશ આપ્યો છે, અને જો સમયમર્યાદામાં ચૂકવણી નહીં થાય તો ડિસિઝન તારીખથી ૬ ટકા વ્યાજ વસૂલવામાં આવશે.



જૂની કારના વેચાણમાં ઓટો બ્રોકર સાથે ૮૦,૦૦૦ની ઠગાઈ

ટોકન પેટે માત્ર રૂ. ૩૦,૦૦૦ આપી કારનો કબજો મેળવ્યા બાદ બાકીના નાણાં ન ચૂકવી આચર્યો વિશ્વાસઘાત

રાજકોટ, તા,૭

'શ્રીજી ઓટો' નામે જૂના વાહનોની લે-વેચનો ધંધો કરતા વિમલભાઈ દુર્લભજીભાઈ વેકરીયા સાથે ૮૦,૦૦૦ ની રકમની છેતરપિંડી થઈ છે. વિમલભાઈ પાસે આવેલી જીજે ૦૧ આરઈ ૭૩૫૮ નંબરની હોન્ડા સિટી કાર ખરીદવા માટે ઊનાના વાહન દલાલ હિતેનભારતી રાજેશભારતી ગોસ્વામી જેતપુરના કણકિયા પ્લોટ વિસ્તારમાં આવ્યા હતા. કારની કુલ કિંમત ૧,૧૦,૦૦૦ નક્કી કરવામાં આવી હતી.

સોદો નક્કી થતાં હિતેનભારતીએ ટોકન પેટે ૩૦,૦૦૦ રોકડા આપ્યા હતા અને બાકીના ૮૦,૦૦૦ તા. ૯ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં ચૂકવી દેવાનો ભરોસો આપ્યો હતો. તા. ૨ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ વેચાણ કરાર કરીને તેમણે કારનો કબજો મેળવી લીધો હતો. જોકે, સમયમર્યાદા પૂર્ણ થયા બાદ પણ હિતેનભારતીએ બાકી નીકળતા નાણાં આપ્યા ન હતા અને માત્ર વાયદાઓ જ કરતા રહ્યા હતા. ત્યારબાદ ફરિયાદી વિમલભાઈને જાણવા મળ્યું હતું કે હિતેનભારતીએ આ કાર જૂનાગઢ ખાતે 'મુલતાની ઓટો' ધરાવતા દલાલ



રફીકભાઈ મુલતાનીને બારોબાર વેચી નાખી છે. વિમલભાઈએ રફીકભાઈ મુલતાની સાથે બાકી નાણાં અંગે ફોન પર વાત કરી હોવા છતાં તેમણે કોઈ યોગ્ય જવાબ આપ્યો ન હતો અને કાર વેચી મારવા કે છુપાવવામાં મદદગારી કરી હતી.

પોતાની સાથે વિશ્વાસઘાત થયો હોવાનું જણાતા આખરે વિમલભાઈ વેકરીયાએ જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે આરોપી હિતેનભારતી રાજેશભારતી ગોસ્વામી (રહે. ઊના) અને રફીકભાઈ મુલતાની (રહે. જૂનાગઢ) વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ સાગરભાઈ મકવાણાએ હાથ ધરી છે.



નીરમા કંપનીના સાઈટ ઈન્ચાર્જ ઉપર હીચકારો હુમલો

કંપનીએ ફેન્સિંગ બંધ કરતા રસ્તો બંધ થયાના આક્ષેપ સાથે બે શખ્સોએ તકરાર કરી સાઈટ ઈન્ચાર્જનો પગ ભાંગી નાખ્યો

રાજકોટ, તા.૭

નીરમા લિમિટેડ કંપનીના પવનચક્કી પ્રોજેક્ટમાં સાઈટ ઈન્ચાર્જ તરીકે, ઉપલેટા તાલુકાના ઢાંક ગામ ખાતે ફરજ બજાવતા વિરેનભાઈ જેન્તીભાઈ ફળદુ પર બે સ્થાનિક શખ્સોએ જીવલેણ હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હોવાનો ભાયાવદર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ફરિયાદી વિરેનભાઈ ઢાંક ગામમાં ગણેશ મંદિર પાસે પોતાનું બાઈક સર્વિસ કરાવવા માટે આવ્યા હતા. તે સમયે ઢાંક ગામના જયદીપ ઉર્ફે બાડો કાઠી દરબાર અને નરેન્દ્રભાઈ ઉર્ફે નંદો લાલુ નામના બે શખ્સો ત્યાં ધસી આવ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે કંપનીએ ફેન્સિંગ બંધ કરી દેતા તેમનો આવવા-જવાનો રસ્તો બંધ થઈ ગયો છે, અને આ મુદ્દે તેમણે સાઈટ ઈન્ચાર્જ સાથે ઉગ્ર બોલાચાલી અને તકરાર શરૂ કરી હતી.

બોલાચાલી ઉગ્ર બનતા બંને આરોપીઓએ આવેશમાં આવીને વિરેનભાઈને ગાળો આપવાનું શરૂ કર્યું હતું અને પોતાની સાથે લાવેલી લાકડી વડે હુમલો કર્યો હતો. નરેન્દ્રભાઈએ શરીરના ભાગે લાકડીઓ મારી મુંઢ ઈજાઓ પહોંચાડી હતી, જ્યારે જયદીપ ઉર્ફે બાડાએ જમણા પગમાં ઘૂંટણથી નીચે લાકડીનો જોરદાર ફટકો માર્યો હતો. હુમલા દરમિયાન આરોપીઓએ ધમકી આપી હતી કે જો ફેન્સિંગ ખુલ્લી કરવામાં નહીં આવે તો તેમને જાનથી મારી નાખવામાં આવશે.

ઘટના સમયે ત્યાં હાજર સિક્યુરિટી કોન્ટ્રાક્ટર રવિભાઈ જાડેજાએ વચ્ચે પડીને ફરિયાદીને વધુ મારથી છોડાવ્યા હતા. ત્યારબાદ તેમને તાત્કાલિક ઉપલેટાની સ્વસ્તિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરના તપાસ રિપોર્ટમાં જમણા પગમાં ફ્રેક્ચર હોવાનું નિદાન થયું હતું. આ બનાવ અંગે વિરેનભાઈ ફળદુની ફરિયાદના આધારે ભાયાવદર પોલીસે ગુનો નોંધ્યો છે. આ ઉપરાંત જિલ્લા મેજિસ્ટ્રેટના હથિયારબંધી જાહેરનામાના ભંગ બદલ પણ આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે. જેની વધુ તપાસ એએસઈ રોહિતભાઈએ હાથ ધરી છે.

RTO દ્વારા GJ03-CW સિરીઝનું મંગળવારથી રીઈ-ઓક્શન શરૂ

૧૩ ઓક્ટોબરથી ઓનલાઈન એપ્લિકેશન અને ૧૬ ઓક્ટોબરથી બિડિંગ પ્રક્રિયા

રાજકોટ, તા.૭

મુજબ, પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી (RTO), રાજકોટ દ્વારા ટ્રાન્સપોર્ટ પ્રકારના વાહનો માટેની GJ 03 CW સિરીઝનું રીઈ-ઓક્શન મંગળવારથી શરૂ કરવામાં આવનાર છે. આ ઓક્શનમાં GJ-03-CW તથા અગાઉની સીરીઝના બાકી રહેતા ગોલ્ડન અને સિલ્વર નંબરો માટે ઓનલાઈન હરાજી યોજાશે.

પસંદગીના નંબર મેળવવા ઈચ્છુક વાહન માલિકોએ તા. ૧૩ની સાંજે ૪ વાગ્યાથી તા. ૧૬ સાંજે ૪ સુધી ઓનલાઈન એપ્લિકેશન કરવાની રહેશે. અરજદારો તા. ૧૬ની સાંજે ૪:૦૧થી તા. ૧૮ના સાંજે ૪ સુધી ઓનલાઈન ઓક્શનમાં બિડિંગ કરી શકશે. બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા. ૧૮ રોજ સાંજે ૦૪:૧૫ વાગ્યે ઓનલાઈન પરિણામ જાહેર કરવામાં આવશે.

હરાજીમાં નંબર ફાળવવામાં આવ્યા બાદ



અરજદારે બાકીની રકમ ૫ દિવસની અંદર ભરવાની રહેશે અને ત્યારબાદ આરટીઓ કચેરીએથી એપ્રૂવલ લઈને નંબર મેળવવાનો રહેશે. વાહન વેચાણની તારીખથી ૭ દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ ફોર્મ ભરેલું હોવું ફરજિયાત છે; આ સમયમર્યાદા બહારની કોઈ પણ અરજી માન્ય ગણવામાં આવશે નહીં તેવી તાકીદ કરાઈ છે.

પ્રભાવશાળી નેતાની વિદાયથી રાજકીય બેડામાં શોકની લાગણી

અમરેલીના પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુંમરનું અવસાન

રાજકોટ, તા.૭

અમરેલીના કોંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુંમરનું લાંબી બીમારી (કેન્સર) બાદ અવસાન થયું છે. તેમની કેન્સરની સારવાર ચાલી રહી હતી પરંતુ તે કારગત ન નીવડતા તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. સાંજે ૫ વાગ્યે અમરેલીમાં તેમની અંતિમયાત્રા નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં રાજકીય આગેવાનો, કાર્યકરો અને શુભેચ્છકો જોડાયા હતા.

વિરજીભાઈ ઠુંમરનું નામ અમરેલીની રાજનીતિ સાથે દાયકાઓથી જોડાયેલું હતું. તેમની રાજકીય કારકિર્દીનો સૌથી મોટો પડાવ વર્ષ ૨૦૦૪ હતો, જ્યારે તેમણે અમરેલી લોકસભા બેઠક



પરથી ભાજપના દિગ્ગજ નેતા દિલીપ સંઘાણીને હરાવીને દિલ્હી દરબારમાં પ્રવેશ કર્યો હતો. તેઓ ૨૦૦૪ થી ૨૦૦૯ સુધી લોકસભાના સભ્ય તરીકે રહ્યા હતા અને સંસદમાં લોકપ્રશ્નોને વાચા આપી હતી. ત્યારબાદ, ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં તેઓ ૨૦૧૭ થી ૨૦૨૨ દરમિયાન લાઠી-બાબરા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે વિજયી બની ધારાસભ્ય તરીકે પણ ચૂંટાયા હતા. વિરજીભાઈ ઠુંમરનો જન્મ ૩૧ મે ૧૯૫૮ ના રોજ અમરેલી ખાતે થયો હતો અને તેમના પત્નીનું નામ નીલાબેન છે. તેઓ લાંબા સમયથી કોંગ્રેસ સાથે જોડાઈને જનસેવામાં સક્રિય રહ્યા હતા. તેમનો રાજકીય વારસો તેમની પુત્રી જેની ઠુંમર દ્વારા આગળ ધપાવવામાં આવી રહ્યો છે.

રાજકોટ પોલીસની માનસિક સ્વાસ્થ્ય-તણાવમુક્તિ પ્રત્યે ઐતિહાસિક પહેલ

'વિપશ્યના પરિચય' કાર્યક્રમનો ૨૦૦એ લીધો લાભ

ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મિશન હેઠળ NSQF,પ્રોજેક્ટ સંકલ્પ અને લાઈવ યોજના થકી ૩૦ હજારથી યુવાનો બન્યા ઇન્ડસ્ટ્રી-રેડી

રાજકોટ, તા.૭

રાજકોટ પોલીસ તંત્ર દ્વારા પોલીસ કર્મચારીઓના માનસિક સ્વાસ્થ્ય અને આંતરિક શાંતિ માટે એક અત્યંત પ્રશંસનીય અને પ્રેરણાદાયક કદમ ઉઠાવવામાં આવ્યું છે. ગઈકાલે, ૬ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ રાજકોટ ખાતે ૨૦૦ જેટલા પોલીસ કર્મચારીઓ માટે 'આનાપાન પ્રેક્ટિકલ અને વિપશ્યના પરિચય' કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું, જેને પોલીસ બેડામાં અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે.

પોલીસની ફરજ હંમેશા પડકારો, કટોકટી અને માનસિક તણાવથી ભરેલી હોય છે. કાયદો અને વ્યવસ્થા જાળવવાની આ કઠિન કામગીરી વચ્ચે જવાનોને આંતરિક શાંતિ અને એકાગ્રતા મળે તે ઉદ્દેશ્યથી રાજકોટ પોલીસે આ અનોખી પહેલ કરી હતી. કાર્યક્રમ દરમિયાન જવાનોએ આનાપાન ધ્યાનનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો અને વિપશ્યનાના વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક સિદ્ધાંતો વિશે ઊંડાણપૂર્વક સમજણ મેળવી હતી.

આ પરિચય કાર્યક્રમની અસર એટલી સકારાત્મક અને ઊંડી રહી કે, હાજર ૨૦૦ કર્મચારીઓમાંથી ૧૫૦ જેટલા પોલીસ જવાનોએ સંપૂર્ણ ૧૦ દિવસીય વિપશ્યના શિબિરમાં જોડાવા માટે ઉત્સાહભેર પોતાની તૈયારી દર્શાવી છે.

આ આંકડો (૭૫% ની જંગી બહુમતી) એ વાતની સાબિતી આપે છે કે રાજકોટ પોલીસના જવાનો શારીરિક ફિટનેસની સાથે સાથે માનસિક સશક્તિકરણ માટે પણ કેટલા જાગૃત અને તત્પર છે. જવાનોનો આ સ્વયંભૂ નિર્ણય પોલીસ વિભાગમાં એક નવી અને હકારાત્મક ઉર્જાનો સંચાર કરશે.

રાજકોટ પોલીસના ઉચ્ચ અધિકારીઓનું આ વિઝન ખરેખર વંદનીય છે. કર્મચારીઓની સુખાકારી માટે લેવાયેલું આ પગલું માત્ર પોલીસ વિભાગના આંતરિક વાતાવરણ માટે જ નહીં, પરંતુ સમગ્ર સમાજ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. કારણ કે, એક શાંત, સંતુલિત અને તણાવમુક્ત પોલીસકર્મી વધુ સંવેદનશીલતા અને બમણી કાર્યક્ષમતાથી પ્રજાની સુરક્ષા અને સેવા કરી શકે છે.

રાજકોટ પોલીસ તંત્રની આ ભવ્ય અને સફળ પહેલ સમગ્ર ગુજરાત રાજ્યના અન્ય પોલીસ વિભાગો માટે 'માનસિક સ્વાસ્થ્ય વ્યવસ્થાપન' (ખયક્ષક્ષફિંહ ઇંયફહવિં ખફક્ષક્ષફલયળયક્ષક્ષિ) નું એક શ્રેષ્ઠ અને અનુકરણીય ઉદાહરણ પૂરું પાડે છે.

'આનાપાન પ્રેક્ટિકલ અને વિપશ્યના પરિચય' કાર્યક્રમનું સફળ આયોજન





PMના સફળ સુશાસનની ઉજવણી

'સેવા જ્યોતિ યાત્રા' સાથે 'વિકસિત ભારત સંકલ્પ સભા' ધામધૂમથી યોજાઈ : રાજકોટમાં જીતુ વાઘાણી રહ્યા ઉપસ્થિત

રાજકોટ, તા. ૭

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'જનસેવાથી રાષ્ટ્રસેવા'ના સફળ ૨૫ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે રાજકોટ ખાતે 'સેવા જ્યોતિ યાત્રા' અને 'વિકસિત ભારત સંકલ્પ સભા'નું દબદબાભેર આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ જિલ્લા પ્રભારી અને કેબિનેટ મંત્રી જિતુ વાઘાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં નાગરિકો, પદાધિકારીઓ અને અધિકારીઓ ઉત્સાહભેર જોડાયા હતા.





સંકલ્પ સભાને સંબોધતા કૃષિ મંત્રી જિતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સમર્થ નેતૃત્વ હેઠળ ભારત ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. વડાપ્રધાને દેશના વિકાસ માટે દિવસ-રાત જોયા વગર સતત મહેનત કરીને પોતાનું જીવન મા ભારતીના ચરણોમાં સમર્પિત કર્યું છે. તેમણે ગુજરાતની ધરતી પરથી સેવા અને સંવેદના સાથે સુશાસનની નવી રાહ ચીંધી છે. મુખ્યમંત્રીથી લઈને વડાપ્રધાન તરીકે સતત ૨૫ વર્ષ સુધી તેમણે કરેલા જનસેવાના ભગીરથ પુરુષાર્થને પરિણામે ભારત આજે વિશ્વગુરુ બનવા તરફ અગ્રેસર છે.

આ ઉજવણી અંગે વધુમાં વાત કરતા મંત્રી જિતુ વાઘાણીએ ઉમેર્યું હતું કે, આ આયોજન માત્ર એક ઉત્સવ નથી પરંતુ સેવા સેતુ, મેડિકલ કેમ્પ, સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણ જેવા જનહિતકારી કાર્યો થકી સીધી જનતાની સેવા કરવાનો વિશેષ અવસર છે. આજે પ્રજ્વલિત કરાયેલી સેવાની જ્યોત સમાજ જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો મજબૂત સંકલ્પ છે. આપણે સૌએ વ્યક્તિગત હિતથી ઉપર ઊઠીને 'નેશન ફર્સ્ટ' (રાષ્ટ્ર પ્રથમ) અને મા ભારતીના કલ્યાણના ભાવ સાથે કાર્ય કરવું જોઈએ. ૧૪૦ કરોડ ભારતીયો એકસૂત્રે બંધાઈને એક ડગલું આગળ વધશે, તો દેશ વિકસિત ભારતના સ્વપનને ચોક્કસથી સાકાર કરી શકશે.

કાર્યક્રમ દરમિયાન શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા 'નમો સેવા ગાથા - અનકહી કહાની' વિષય પર ભાવસભર નાટિકા પણ પ્રસ્તુત કરવામાં આવી હતી. આ અવસરે દિલ્હીથી વર્ચ્યુઅલી જોડાયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનસેવા, વિકાસ અને સુશાસનના સંકલ્પને વધુ મજબૂત બનાવીને વિકસિત ભારત નિર્માણ કરવાનો પ્રેરણાત્મક સંદેશ આપ્યો હતો. તદુપરાંત, રાજકોટના મેયર ડો. નેહલ શુક્લાએ ઉપસ્થિત સૌ નાગરિકોને 'વિકસિત ભારત ૨૦૪૭'ના લક્ષ્યને સાકાર કરવા માટેના શપથ લેવડાવ્યા હતા.

સભા બાદ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા 'સેવા જ્યોત' પ્રજ્વલિત કરીને 'સેવા જ્યોત સંકલ્પ યાત્રા'નો આરંભ કરાવાયો હતો. વિશાળ જનમેદનીના અદમ્ય ઉત્સાહ સાથે રેસકોર્સ મેદાન ખાતેથી શરૂ થયેલી આ ભવ્ય યાત્રા કૈલાસવાડી સર્કલ ખાતે સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

આ પ્રસંગે સાંસદ પરષોત્તમ રૂપાલા, જિલ્લા પંચાયત પ્રમુખ સંજય પીપળીયા, કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, ધારાસભ્ય સર્વે ડો. દર્શિતા શાહ, ભાનુબેન બાબરીયા, ડો. મહેન્દ્ર પાડલીયા, ઉદય કાનગડ, પૂર્વ સાંસદ રામ મોકરીયા, મહાનગરપાલિકા કમિશનર તુષાર સુમેરા, જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, ગોવિંદ પટેલ, માધવ દવે અને અલ્પેશ ઢોલરીયા સહિતના અનેક રાજકીય-સામાજિક અગ્રણીઓ, અધિકારીઓ તથા નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટના ૪૫૦ સહિત રાજ્યભરમાંથી ૧૨,૦૦૦ કર્મચારીઓ કામગીરીથી અલિપ્ત

હક્કની લડાઈ સામે જનસેવા ઠપ્પ

રાજકોટ, તા. ૭

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં સરકારી વહીવટી તંત્રનું હૃદય ગણાતું મહેસૂલ ખાતું ગઈકાલે સંપૂર્ણપણે સ્તબ્ધ થઈ ગયું છે. ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળ દ્વારા પોતાના લાંબા સમયથી અણઉકેલાયેલા પડતર પ્રશ્નો અને સેવા વિષયક ન્યાયી માંગણીઓના કાયમી ઉકેલ માટે આરપારની લડાઈનું બ્યુગલ ફૂંકી દેવામાં આવ્યું છે. અગાઉ તંત્રને જગાડવા માટે આપવામાં આવેલા અલ્ટિમેટમ અને ત્યારબાદ પાડવામાં આવેલી માસ સી.એલ.ના વિરોધ પ્રદર્શન છતાં સરકાર તરફથી કોઈ સંવેદનશીલ કે સકારાત્મક પ્રતિસાદ ન મળતા, આખરે ગઈકાલે રાજકોટ જિલ્લા સહિત સમગ્ર રાજ્યના તમામ રેવન્યુ કર્મચારીઓએ અચોક્કસ મુદતની હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે. સરકારી સંવાદહીનતાના કારણે ઊભી થયેલી આ પરિસ્થિતિને પગલે આજે રાજ્યભરની કલેક્ટર, પ્રાંત અને મામલતદાર કચેરીઓમાં સન્નાટો છવાઈ ગયો છે.



રાજકોટ મહેસૂલી કર્મચારી મહામંડળના મહામંત્રી મનીષ ગિધવાણીના જણાવ્યા અનુસાર, આ આંદોલન કોઈ ક્ષણિક આવેગ નથી પરંતુ લાંબા સમયની ઉપેક્ષાનું પરિણામ છે. ગુજરાતભરમાંથી આશરે ૧૧,૦૦૦ થી ૧૨,૦૦૦ જેટલા મહેસૂલી કર્મચારીઓ એકજૂટ થઈને આ હડતાળમાં જોડાયા છે. એકલા રાજકોટ જિલ્લાની વાત કરીએ તો, તમામ મામલતદાર કચેરીઓ, પ્રાંત કચેરીઓ તેમજ કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતા વર્ગ-૩ના કર્મચારીઓ, ક્લાર્ક, નાયબ મામલતદાર અને મહેસૂલી તલાટીઓ સહિત ૪૫૦ જેટલા કર્મચારીઓ કામગીરીથી અલિપ્ત રહ્યા છે. કર્મચારીઓ ઓફિસે પહોંચવાને બદલે કચેરીઓના પરિસરમાં એકઠા થઈને પોતાની માંગણીઓ સંતોષવા માટે સૂત્રોચ્ચાર કરી રહ્યા છે, જેના કારણે સરકારી વહીવટની મુખ્ય ધરી સમાન રેવન્યુ કામગીરી પૂરેપૂરી ઠપ થઈ ગઈ છે. આ આંદોલનની પૃષ્ઠભૂમિ અંગે સ્પષ્ટતા કરતા મહામંડળના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, આશરે એક મહિના અગાઉ મહામંડળ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ તમામ સેવા વિષયક પ્રશ્નો અને માંગણીઓ અંગે વિસ્તૃત રજૂઆત કરવામાં આવી હતી. સરકારી સ્તરેથી કોઈ યોગ્ય નિર્ણય લેવાય અને પ્રજાને મુશ્કેલી ન પડે તે માટે તંત્રને પૂરતો સમય પણ આપવામાં આવ્યો હતો. તેમ છતાં, સરકારે કર્મચારીઓની આ માંગણીઓને ગંભીરતાથી ન લેતા આખરે સોમવારે રાજ્યભરના કર્મચારીઓએ એક દિવસની માસ સી.એલ. પર ઉતરીને અનોખો વિરોધ નોંધાવ્યો હતો. આ સાંકેતિક વિરોધ દ્વારા સરકારનું ધ્યાન દોરવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ તે છતાં પણ કોઈ સકારાત્મક ઉકેલ ન આવતા અંતે કર્મચારીઓને અચોક્કસ મુદતની હડતાળ જેવા આકરા પગલા તરફ આગળ વધવાની ફરજ પડી છે.

હડતાળના પહેલા જ દિવસે તેની સીધી અને ગંભીર અસર સામાન્ય નાગરિકો પર જોવા મળી રહી છે. સરકારી કચેરીઓમાં રોજબરોજના કામકાજ અટકી પડ્યા છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ અને સામાન્ય જનતા માટે અત્યંત જરૂરી એવા આવકના દાખલા, જાતિના દાખલા, અને નોન-ક્રિમીલેયર સર્ટિફિકેટ બનાવવાની કામગીરી પૂરી રીતે બંધ થઈ ગઈ છે. આ ઉપરાંત ગરીબ અને નિરાધાર મહિલાઓ માટે આશીર્વાદરૂપ વિધવા સહાય યોજના તેમજ અન્ય સામાજિક સુરક્ષાની કામગીરીઓ પણ અટકી પડી છે. દૂર-દૂરના ગ્રામ્ય વિસ્તારોમાંથી કચેરીઓએ ધક્કા ખાતા અરજદારોને ખાલી હાથે પરત ફરવું પડી રહ્યું છે, જેના કારણે પ્રજાજનોમાં ભારે હાલાકી અને અસંતોષનો માહોલ સર્જાયો છે.

મહામંડળ દ્વારા જનતાને પડી રહેલી આ તકલીફ અંગે ખેદ પણ વ્યક્ત કરવામાં આવ્યો છે. મંત્રી મનીષ ગિધવાણી અને અન્ય આગેવાનોએ ભારપૂર્વક જણાવ્યું છે કે, મહેસૂલી કર્મચારીઓ હંમેશા પ્રજાની સેવા માટે તત્પર રહ્યા છે. જાહેર રજાઓના દિવસે કે ઓફિસ સમય પૂરો થયા પછી પણ રાત-દિવસ જોયા વગર સરકારી યોજનાઓ અને પ્રજાના કામો પૂરા કરવાનો કર્મચારીઓનો રેકોર્ડ રહ્યો છે. લોકો મુશ્કેલીમાં ન મુકાય તેનો સદાય ખ્યાલ રાખવામાં આવે છે, પરંતુ પોતાના ન્યાયી હક્કો અને વ્યાજબી માંગણીઓ પ્રત્યે સરકારનું વલણ જોતા નાછૂટકે હડતાળનો માર્ગ પસંદ કરવો પડ્યો છે. નાગરિકોને પડી રહેલી મુશ્કેલી બદલ કર્મચારી મંડળ દિલગીર છે, પરંતુ સાથે જ તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી છે કે જ્યાં સુધી સરકારી સ્તરેથી માંગણીઓનો કાયમી અને સકારાત્મક ઉકેલ નહીં આવે ત્યાં સુધી આ લડત પીછેહઠ કર્યા વગર ચાલુ રહેશે.

શિક્ષણ ધામ બન્યા 'વેપાર ધામ'

સ્કૂલના સમયે જ કોચિંગ ક્લાસમાં હાજરીનું સરેઆમ ઉલ્લંઘનઃ શૈક્ષણિક ફી સાથે ટ્યુશન ફીનું એડવાન્સ 'તોડ' તંત્ર મૌન સેવે છે!

રાજકોટ, તા. ૭

રાજકોટ સહિત રાજ્યભરમાં ટ્યુશન એક્ટનો અમલ લાવવા માટે શિક્ષકો અને એકેડેમિક એસોસિએશન દ્વારા લાંબા સમયથી ઉગ્ર માંગણીઓ કરવામાં આવી રહી છે, છતાં શિક્ષણ વિભાગના આડા કાન અને ઉદાસીન નીતિને કારણે આ મહત્વપૂર્ણ કાયદો આજે પણ માત્ર કાગળ પર જ સીમિત રહી ગયો છે. તંત્રની આ નિષ્ક્રિયતાનો સીધો ફાયદો ઉઠાવીને કેટલીક ખાનગી શાળાઓ અને કોચિંગ સેન્ટરો દ્વારા વાલીઓ અને વિદ્યાર્થીઓનું ખુલ્લેઆમ શોષણ કરવામાં આવી રહ્યું છે. ખાસ કરીને શાળાઓમાં જ ગેરકાયદેસર રીતે કોચિંગ ક્લાસ ચલાવવા અથવા ચોક્કસ ક્લાસીસમાં જ જવા માટે વિદ્યાર્થીઓ પર અસહ્ય દબાણ ઊભું કરવામાં આવી રહ્યું હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે.

હાલમાં રાજ્યમાં 'ડમી સ્કૂલ', 'ઝે-સ્કૂલ' અને 'કન્સેપ્ટ સ્કૂલ'ના નામે નવી પરિપાટી અને દૂષણ ઝડપથી ફૂલીફાલી રહ્યું છે. નિયમ મુજબ શાળાના નિયત સમય દરમિયાન વિદ્યાર્થી શાળા પરિસરમાં જ હાજર હોવો જોઈએ, તેને બદલે શાળાના જ સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓને કોચિંગ ક્લાસમાં હાજરી આપવાની છૂટછાટ આપીને કાયદાનું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને અમુક ચોક્કસ ખાનગી શાળાઓ દ્વારા ફરજિયાતપણે શાળા સંચાલિત કે સંકલિત ટ્યુશન ક્લાસમાં જ રાખવા માટે માનસિક દબાણ કરવામાં આવે છે. જો કોઈ વિદ્યાર્થી શાળાની બહાર અન્ય ખાનગી જગ્યાએ ટ્યુશન રાખવા માંગે, તો તેને શાળા શાસન દ્વારા વિવિધ રીતે પરેશાન કરવામાં આવતો હોવાની અને શૈક્ષણિક કારકિર્દી બગાડવાની ધમકીઓ અપાતી હોવાની ગંભીર ફરિયાદો પણ ઉઠવા પામી છે.

આ ઉપરાંત, વાલીઓની આર્થિક લાચારીનો અયોગ્ય લાભ ઉઠાવીને રાજકોટની કેટલીક ખાનગી શાળાઓ દ્વારા શૈક્ષણિક સત્રની નિયમિત ફીની સાથે જ ટ્યુશન ફી પણ એડવાન્સમાં ફરજિયાતપણે ઉઘરાવી લેવામાં આવે છે. જો શિક્ષણ વિભાગ કે તટસ્થ અધિકારીઓની ટીમ બનાવીને શહેરની આવી ખાનગી શાળાઓમાં ઓચિંતું ચેકિંગ કે સરપ્રાઈઝ રેડ કરવામાં આવે, તો ફીના નામે ચાલતા આ કરોડો રૂપિયાના બિનઅધિકૃત વહીવટ અને આર્થિક તોડની ધગધગતી વાસ્તવિકતા બહાર આવી શકે તેમ છે.

બીજી તરફ, નાની વયના બાળકોના માનસિક સ્વાસ્થ્યને લઈને પણ શિક્ષણ જગતમાં ભારે ચિંતા વ્યાપી છે. ૧૬ વર્ષથી ઓછી વયના વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ (કોમ્પિટિટિવ એક્ઝામ)ની તૈયારી કરાવતી કોચિંગ વ્યવસ્થામાં પ્રવેશ ન આપવો જોઈએ તેવી સ્પષ્ટ જોગવાઈ ટ્યુશન એક્ટમાં કરવાની પ્રબળ માંગણી કરવામાં આવી છે. નાની ઉંમરે બાળકો પર ભણતર અને સ્પર્ધાનું અનહદ દબાણ લાદવામાં આવતાં તેમના શારીરિક અને માનસિક વિકાસ પર ગંભીર અસરો પડી રહી છે.

આ સમગ્ર અરાજકતા પર લગામ કસવા માટે ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિએશન દ્વારા ૩૦થી વધુ જિલ્લાના ઘટક સંઘો અને ૧૦૦થી વધુ હોદ્દેદારોની ઉપસ્થિતિમાં ગંભીર ચર્ચાઓ કરવામાં આવી હતી. ફેડરેશને સ્પષ્ટ માંગ કરી છે કે રાજ્યમાં ઓફલાઈનની સાથે ઓનલાઈન શિક્ષણ આપતા ક્લાસીસ અને શિક્ષકો માટે પણ સરકારી રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવવામાં આવે. સાથોસાથ વિદ્યાર્થીઓના સર્વાંગી હિત અને સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને ટ્યુશન ક્લાસમાં અભ્યાસનો સમયગાળો દિવસ દરમિયાન મહત્તમ ૩ કલાકથી વધુ ન હોવો જોઈએ તેવી કાયદાકીય જોગવાઈ કરવાની પણ જોરદાર માંગ ઉઠી છે. જો તંત્ર દ્વારા હવે પછી પણ કડક અમલીકરણ કરવામાં નહીં આવે, તો શિક્ષણનું વેપારીકરણ વિદ્યાર્થીઓના ભવિષ્યને સંપૂર્ણપણે અંધકારમય બનાવી દેશે.

સરકારી પ્રાથમિક શાળાઓ રામભરોસે

૫૦૭ કાયમી શિક્ષકોની ઘટ : જર્જરિત મકાનો સામે મોટો પ્રશ્નાર્થ! : ધોરણ ૧ થી ૮ ની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું ધોરણ કથળ્યું: ગાંધીનગરમાં વિધાસહાયકોની ભરતી પ્રક્રિયા ધીમી ગતિએ ચાલતા રોષ

રાજકોટ, તા. ૭

રાજકોટ શહેર અને સમગ્ર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું સ્તર અને વિદ્યાર્થીઓનું ભવિષ્ય હાલ ગંભીર કટોકટીમાંથી પસાર થઈ રહ્યું છે. એક તરફ વર્ગખંડોમાં ભણાવવા માટે કાયમી શિક્ષકોની ભારે અછત વર્તાઈ રહી છે, તો બીજી તરફ માસૂમ બાળકોને જ્યાં બેસીને ભણવાનું છે તે શાળાના મકાનો પણ અત્યંત ભયજનક અને જર્જરિત અવસ્થામાં પહોંચી ગયા છે. શિક્ષણ તંત્રની આ ઘોર ઉદાસીનતાને કારણે વાલીઓ અને શિક્ષણપ્રેમીઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (DPEO) કચેરીના અંદરના વર્તુળોમાંથી મળતી વિગતો મુજબ, રાજકોટ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૮ માં કુલ ૫૦૭ કાયમી શિક્ષકોની ઘટ વરતાઈ રહી છે. આટલી મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી હોવા છતાં કાયમી ભરતી કરવાને બદલે સમગ્ર વ્યવસ્થાને કરાર આધારિત 'જ્ઞાનસહાયકો' ના ભરોસે ધકેલી દેવામાં આવી છે. આંકડાકીય વિગતો પર નજર કરીએ તો, ધોરણ ૧ થી ૫ માં ૪૭૨ શિક્ષકોની ઘટ સામે હાલ ૩૬૧ જ્ઞાનસહાયકો કામ કરી રહ્યા છે, જેનો સીધો અર્થ એ થાય છે કે હજુ પણ ૧૧૧ શિક્ષકોની જગ્યાઓ તદ્દન ખાલી છે. તેવી જ રીતે ધોરણ ૬ થી ૮ માં ૩૫ શિક્ષકોની ઘટ સામે માત્ર ૧૫ જ્ઞાનસહાયકો જ મળ્યા છે, એટલે કે ૨૦ શિક્ષકો વિના વિદ્યાર્થીઓનો અભ્યાસ રઝળી રહ્યો છે. આ સિવાય અત્યંત મહત્વના ગણાતા અંગ્રેજી વિષય માટે પણ ૩૬ જ્ઞાનસહાયકોથી માંડ કામ ચલાવવામાં આવી રહ્યું છે.

બીજી તરફ, ગાંધીનગર ખાતેથી રાજકોટ જિલ્લા માટે ધોરણ ૧ થી ૫ માં ૧૬૩ વિદ્યાસહાયકોની કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા ચાલુ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ ભરતી માટે રાજ્યકક્ષાએ મેરિટ યાદી પણ તૈયાર થઈ ગઈ છે, પરંતુ જિલ્લા પસંદગી અને નિમણૂક આપવાની પ્રક્રિયામાં હજુ પણ એકાદ મહિના જેટલો લાંબો સમય નીકળી જાય તેમ છે. સવાલ એ ઊભો થાય છે કે જ્યાં સુધી આ સત્તાવાર ભરતી પૂર્ણ નહીં થાય ત્યાં સુધી બાળકોના અભ્યાસનું જે નુકસાન થઈ રહ્યું છે તેની જવાબદારી કોની?

શિક્ષકોની ઘટની સાથે સાથે શાળાઓના મકાનોની સ્થિતિ પણ એટલી જ ગંભીર અને ચિંતાજનક છે. ગોંડલ સ્થિત તાલુકા શાળા નંબર-૧ અને ૪ નું બિલ્ડિંગ ૧૨૫ વર્ષ જેટલું જૂનું થઈ ચૂક્યું છે. રાજાશાહીના સમયમાં નિર્માણ પામેલું આ ઐતિહાસિક બિલ્ડિંગ લાંબા સમયથી યોગ્ય જાળવણી અને રીનોવેશનના અભાવે અત્યંત જર્જરિત અને ભયજનક સ્થિતિમાં આવી ગયું છે. આ શાળા હેરિટેજ કક્ષામાં આવતી હોવાને કારણે તેના સમારકામ કે રીનોવેશન માટેની તમામ મંજૂરીઓ અને ગ્રાન્ટની ફાળવણી રાજ્યકક્ષાએથી જ કરવાની હોય છે. પરંતુ તંત્ર દ્વારા જરૂરી ગ્રાન્ટ ફાળવવામાં ન આવતા વર્ષોથી આ કામગીરી અટકેલી પડી છે.

પરિણામે, કિંમતી હેરિટેજ ઈમારત પણ બિનઉપયોગી બનીને બગડી રહી છે અને માસૂમ બાળકોના જીવ પણ જોખમમાં મુકાઈ રહ્યા છે. એક તરફ સરકાર 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ' અને ડિજિટલ શિક્ષણના મોટા મોટા દાવાઓ કરે છે, ત્યારે બીજી તરફ ધરાતલ પર યોગ્ય શિક્ષકો અને સુરક્ષિત મકાનોના અભાવે ''આમ ક્યાંથી ભણશે ગુજરાત?'' એવો તીખો સવાલ ઊભો થઈ રહ્યો છે.

'લોકશાહી બચાવો' રેલીમાં કોંગ્રેસનો આક્રોશ

બહુમાળી ભવનથી આંબેડકર પ્રતિમા સુધી કાર્યકર્તાઓનો હલ્લાબોલ; ચૂંટણી અધિકારીના રાજીનામાની માંગ સાથે 'વોટ ચોર, ગદ્દી છોડ'ના નારાથી શહેર ગૂંજી ઊઠ્યું

રાજકોટ, તા. ૭

ઓલ ઇન્ડિયા કોંગ્રેસ કમિટી (અઈઈઈ) અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સંયુક્ત આહ્વાન પર રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા દેશમાં બંધારણ અને મતાધિકારના રક્ષણ અર્થે 'લોકશાહી બચાવો, મત બચાવો, દેશ બચાવો' ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશના ભાગરૂપે આજે રાજકોટ શહેરમાં એક વિશાળ અને આક્રમક જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં રાજકોટ શહેર કોંગ્રેસના તમામ શિર્ષ હોદ્દેદારો, મહિલા કોંગ્રેસ, વિવિધ ફ્રન્ટલ સેલના પ્રમુખો, સિનિયર આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને વર્તમાન શાસકોની નીતિઓ સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો.

જનજાગૃતિ રેલીનો પ્રારંભ રાજકોટ શહેરના મધ્યમાં આવેલા બહુમાળી ભવન ચોક ખાતેની સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસેથી થયો હતો. સરદાર પટેલના ચરણોમાં અંજલિ અર્પણ કર્યા બાદ કોંગ્રેસના કાર્યકર્તાઓ પોતાના હાથમાં વિવિધ બેનરો, સૂત્રોચ્ચાર વાળા પ્લેકાર્ડ્સ અને ઝંડાઓ સાથે પગપાળા આગળ વધ્યા હતા. સરદાર પટેલની પ્રતિમાથી શરૂ થયેલી આ માર્ચ શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા ખાતે પહોંચી હતી. આ સમગ્ર યાત્રા દરમિયાન કાર્યકર્તાઓએ 'વોટ ચોર ગદ્દી છોડ'ના બુલંદ નારા લગાવ્યા હતા, જેનાથી સમગ્ર વિસ્તાર ગૂંજી ઊઠ્યો હતો. આ ઉપરાંત વિરોધ પ્રદર્શન દરમિયાન ભાજપ સરકાર અને ચૂંટણી પંચની જોહુકમી સામે કડક શબ્દોમાં પ્રહારો કરવામાં આવ્યા હતા.

કોંગ્રેસ નેતૃત્વએ સત્તાધારી ભાજપ અને ચૂંટણી તંત્ર વચ્ચેની કથિત મિલીભગત સામે ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં ભાજપના ઈશારે ચૂંટણી પંચ દ્વારા એસઆઈઆર (જીંઈછ) પ્રક્રિયા જેવા બહાના હેઠળ લાખો અને કરોડો સામાન્ય નાગરિકોના ચૂંટણી કાર્ડ તેમજ મતાધિકાર રદ કરી દેવામાં આવ્યા છે. આ પ્રકારના હથકંડા અપનાવીને દેશની લોકશાહીને ગંભીર ખતરામાં મૂકવામાં આવી રહી છે. આ ગંભીર અન્યાય સામે અવાજ ઉઠાવતા કોંગ્રેસના આગેવાનોએ વિરોધ સ્થળ પરથી જ ચૂંટણી અધિકારી જ્ઞાનેશ કુમારના તાત્કાલિક રાજીનામાની જોરદાર માંગ કરી હતી અને ચેતવણી આપી હતી કે નાગરિકોના બંધારણીય અધિકારો પર ત્રાપ મારવાનું બંધ કરવામાં આવે.

આ લડાઈને વધુ મજબૂત બનાવતા આગેવાનોએ ઉમેર્યું હતું કે, અઈઈઈના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી દ્વારા શરૂ કરાયેલા આ રાષ્ટ્રવ્યાપી આંદોલનના ભાગરૂપે સમગ્ર દેશમાં 'સેવ ડેમોક્રેસી વીક' (લોકશાહી બચાવો સપ્તાહ) તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. પ્રદેશ કોંગ્રેસની કડક સૂચનાથી ગુજરાતભરમાં ૨ ઓક્ટોબરથી ૮ ઓક્ટોબર સુધી સતત વિવિધ વિરોધ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. જેના અંતર્ગત ગઈકાલે રાજકોટ શહેરના તમામ ૧૮ વોર્ડમાં સ્થાનિક સ્તરે જનજાગૃતિના સફળ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા, અને તેના બીજા જ દિવસે આજે તમામ વોર્ડના કાર્યકરોની ઉપસ્થિતિમાં સરદાર પટેલ સ્ટેચ્યુથી બાબાસાહેબ સ્ટેચ્યુ સુધીની ભવ્ય રેલી યોજીને સામાન્ય જનતાને જાગૃત કરવાનો પ્રયાસ કરાયો છે.



દૂધ પાણી છૂટા પાડો

પ્રેમાનંદજી મહારાજ વિવાદમાં સનાતનની બદનામી થઇ રહી છે



તાજેતરમાં વૃંદાવનના અત્યંત લોકપ્રિય અને આદરણીય સંત પૂજ્ય પ્રેમાનંદ મહારાજના એક શિષ્યની આત્મહત્યાની ઘટના બાદ ભારે ચર્ચા જાગી છે. આ ઘટનાને જોડીને ફલાહારી બાબા દ્વારા કરાયેલા કેટલાક દાવાઓ અને ત્યારબાદ ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીનું નામ સામે આવતાં સમગ્ર મામલો વિવાદના વંટોળમાં સપડાયો છે. સોશિયલ મીડિયાથી લઈને મુખ્ય પ્રવાહના મીડિયા સુધી આ મુદ્દે જાતજાતના તર્ક-વિતર્કો અને આક્ષેપ-પ્રતિઆક્ષેપો થઈ રહ્યા છે, જેના કારણે સનાતન ધર્મ અને સાધુ-સંતોની પ્રતિષ્ઠા સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે.

આ સમગ્ર પ્રકરણમાં સૌથી ચિંતાજનક બાબત એ છે કે, આવી વિવાદસ્પદ ઘટનાઓથી સનાતન સંસ્કૃતિની છબીને મોટું નુકસાન પહોંચી રહ્યું છે. શ્રદ્ધાળુઓ અને ભક્તોના મનમાં સંશય અને દુવિધાઓ નિર્માણ થઈ રહી છે. જ્યારે સંતો અને ધાર્મિક ક્ષેત્રો પર આ પ્રકારના ગંભીર આરોપો લાગે છે, ત્યારે સામાન્ય માણસની આસ્થા ડામાડોળ થાય છે. અંગત લાભ, આંતરિક વૈમનસ્ય કે પ્રસિદ્ધિ ભૂખ્યા લોકો દ્વારા અસત્ય કે અર્ધસત્ય પીરસવામાં આવે ત્યારે સનાતનની જ બદનામી થાય છે.

આ પરિસ્થિતિમાં સૌથી પ્રાથમિક જરૂરિયાત એ છે કે આ સમગ્ર ઘટનાક્રમની અત્યંત તટસ્થ, નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ. શિષ્યની આત્મહત્યા પાછળનું સાચું કારણ શું હતું? ફલાહારી બાબાના દાવાઓમાં કેટલું સત્ય છે? અને આ સમગ્ર ઘટનામાં વિરાટ કોહલીનું પ્રકરણ પણ જાગ્યું છે. આ તમામ પ્રશ્નોના જવાબો કાયદાકીય અને તપાસ એજન્સીઓ દ્વારા સ્પષ્ટ થવા અત્યંત જરૂરી છે.

જો યોગ્ય અને તટસ્થ તપાસ બાદ આક્ષેપો ખોટા સાબિત થાય, તો સનાતનની છબી ખરડવાનો પ્રયાસ કરનાર અને વગર પુરાવે સંતો કે અન્ય જાણીતી હસ્તીઓ પર આરોપો લગાવનાર સાધુ કે વ્યક્તિ સામે પણ કોઈ પણ જાતની હિચકિચાટ વગર કડકમાં કડક કાનૂની પગલાં લેવાવા જોઈએ. પોતાના અંગત લાભ કે હાની માટે સમગ્ર સનાતન ધર્મને દાવ પર લગાવવો એ કદાપિ ચલાવી લેવાય નહીં.

સંતો અને સમાજ બંનેએ અંગત મતભેદોથી ઉપર ઊઠીને વિચારવું પડશે. હવે સમય આવી ગયો છે કે આ સમગ્ર પ્રકરણમાં 'દૂધનું દૂધ અને *પાણીનું* પાણી' કરવામાં આવે, જેથી સત્ય બહાર આવે અને અફવાઓ પર પૂર્ણવિરામ મૂકાય.



રાહુલ-પ્રિયંકા ગાંધી વિરુદ્ધ FIR

આકાશવાણી ભવનમાં બળજબરીથી પ્રવેશવા બદલ દિલ્હી પોલીસે દાખલ કરી ફરિયાદ

નવીદિલ્હી, તા. ૭

ઈન્ડિયા એલાયન્સના સભ્યોએ ચૂંટણી પંચની કામગીરી અને મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિરોધ ખૂબ જ ઉગ્ર બન્યો હતો. કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રાએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સાથે મુલાકાતની માંગણી સાથે ઓલ ઈન્ડિયા રેડિયો કાર્યાલયમાં ધરણા કર્યા હતા. પોલીસે હવે તેમની સામે કાર્યવાહી શરૂ કરી છે. દિલ્હી પોલીસે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા અને અન્ય વિપક્ષી નેતાઓ વિરુદ્ધ પરવાનગી વિના ઓલ ઈન્ડિયા રેડિયો પરિસરમાં પ્રવેશ કરવા અને ધરણા કરવા બદલ FIR દાખલ કરી છે. દિલ્હી પોલીસને રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, તેમના સહયોગીઓ અને અન્ય સાંસદો વિરુદ્ધ ઓલ ઈન્ડિયા રેડિયો કાર્યાલયમાં બળજબરીથી પ્રવેશ કરવા બદલ ફરિયાદ મળી છે. દિલ્હી પોલીસે આ મામલે FIR દાખલ કરી છે.

દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, ઈન્ડિયા એલાયન્સના નેતાઓએ સંસદ ભવનથી ચૂંટણી પંચના મુખ્યાલય સુધી કૂચ કરવાની યોજના બનાવી હતી. પોલીસે જણાવ્યું હતું કે પ્રસ્તાવિત કૂચ માટે કોઈ સત્તાવાર પરવાનગી લેવામાં આવી ન હતી કે આપવામાં આવી ન હતી. ચૂંટણી પંચ કાર્યાલય પાસે પ્રદર્શનકારીઓને રોકવામાં આવ્યા બાદ, ઘણા વિપક્ષી નેતાઓ અને સાંસદોએ ધરણા કર્યા હતા. આ પછી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા, અન્ય નેતાઓ સાથે, આકાશવાણી ભવન સંકુલમાં પ્રવેશ્યા અને તેમનો વિરોધ ચાલુ રાખ્યો. પોલીસે જણાવ્યું કે વિરોધીઓને પરિસર ખાલી કરવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ તેઓએ તેનું પાલન કરવાનો ઇનકાર કર્યો હતો અને આગ્રહ કર્યો હતો કે જ્યાં સુધી સાંસદોના પ્રતિનિધિમંડળને ચૂંટણી પંચના અધિકારીઓ સાથે મળવાની મંજૂરી ન મળે ત્યાં સુધી તેઓ ત્યાંથી નહીં નીકળે.

દિલ્હી પોલીસે જણાવ્યું કે તેમણે આખરે કાયદો અને વ્યવસ્થા જાળવવા અને પરિસ્થિતિને વધુ ખરાબ થતી અટકાવવા માટે હસ્તક્ષેપ કર્યો. પોલીસે રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા અને અન્ય વિરોધીઓને સંકુલમાંથી દૂર કર્યા અને તેમની અટકાયત કરી. પોલીસે જણાવ્યું કે દિવસભર ચાલેલા વિરોધ પ્રદર્શન દરમિયાન ૧૦ સાંસદો સહિત આશરે ૨૬૦ લોકોની અટકાયત કરવામાં આવી હતી. અટકાયત કરાયેલા નેતાઓને બાદમાં કિંગ્સવે કેમ્પમાં નવી પોલીસ લાઇન્સમાં લઈ જવામાં આવ્યા અને છોડી મૂકવામાં આવ્યા. મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) સંબંધિત આરોપો અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણીને લઈને વિરોધ પક્ષો દ્વારા વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આકાશવાણી ભવન સંકુલમાં અનધિકૃત પ્રવેશ અને ત્યારબાદ થયેલા વિરોધના સંદર્ભમાં FIR નોંધવામાં આવી છે. FIR ના ચોક્કસ વિભાગો હાલમાં અજ્ઞાત છે.

મંગળવારે, દિલ્હી પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવવા અને પરિસ્થિતિને વધુ ખરાબ થતી અટકાવવા માટે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રા અને અન્ય ઇન્ડિયા બ્લોક નેતાઓને આકાશવાણી ભવન સંકુલમાંથી અટકાયતમાં લીધા હતા. તેઓ પરવાનગી વિના સંકુલમાં પ્રવેશ્યા હતા અને વિરોધ પ્રદર્શન કરી રહ્યા હોવાનો આરોપ લગાવતા, દિલ્હી પોલીસના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે રાહુલ ગાંધીએ વિસ્તાર ખાલી કરવાનો ઇનકાર કર્યા પછી અને કહ્યું કે જ્યાં સુધી સાંસદોના પ્રતિનિધિમંડળને ભારતના ચૂંટણી પંચના અધિકારીઓ સાથે મુલાકાત માટે સમય ન મળે ત્યાં સુધી તેઓ ત્યાંથી નહીં જાય, ત્યારબાદ કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી.

ભાષણ પૂરું થાય, કાર્ય કાયમ રહે

મોહન ભાગવતે કહ્યું - જ્યાં પ્રત્યક્ષ કાર્ય થઈ રહ્યું છે, ત્યાં વધુ બોલવાની જરૂર નથી

નવીદિલ્હી, તા. ૭

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સરસંઘચાલક ડો. મોહન ભાગવત બાલાઘાટ પહોંચ્યા. તેમણે જિલ્લાના લાંજી પ્રદેશના કરંજા ગામમાં નવનિર્મિત સ્મૃતિ ભવન અને માધવ નેત્રાલયનું ઉદ્ઘાટન કર્યું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકો, છજ્જ અધિકારીઓ અને કાર્યકરો હાજર રહ્યા હતા. સભાને સંબોધતા મોહન ભાગવતે જણાવ્યું હતું કે ભાષણો મહત્વપૂર્ણ નથી; કાર્ય મહત્વપૂર્ણ છે. છજ્જ વડાએ ભાર મૂક્યો હતો કે જ્યાં પ્રત્યક્ષ કાર્ય કરવામાં આવે છે, ત્યાં વધુ બોલવાની જરૂર નથી, તેથી કાર્ય મહત્વપૂર્ણ છે, ભાષણો નહીં. તેમણે ભાર મૂક્યો હતો કે ભાષણો સમાપ્ત થાય છે અને લોકો તેમને ભૂલી જાય છે, પરંતુ કાર્ય કાયમ રહે છે. તેમણે કહ્યું, ''સ્વર્ગીય બાળાસાહેબ જી અને સ્વર્ગીય ભૌરાવ જી કદાચ વિગતવાર જાણીતા ન હોય, પરંતુ આપણે બધા તેમને જાણીએ છીએ કારણ કે તેમનું સમગ્ર જીવન આપણા દેશવાસીઓની સેવા માટે સમર્પિત હતું.''

કરંજા ખાતેના પોતાના સંબોધનમાં, મોહન ભાગવતે છજ્જના ત્રીજા સરસંઘચાલક બાળાસાહેબ દેવરસ અને ભૌરાવ દેવરસના જીવન વિશે વિગતવાર વાત કરી. તેમણે કહ્યું કે આટલા ઉચ્ચ હોદ્દા પર હોવા છતાં, દેવરસ ભાઈઓએ સામાન્ય વર્તન જાળવી રાખ્યું. તેઓએ જીવનભર ''રાષ્ટ્ર પ્રથમ'' ની ભાવના સાથે કામ કર્યું. તેમણે કહ્યું કે દેવરસ ભાઈઓએ જીવનભર ''તમારી મહિમા સદાકાળ રહે, માતા, આપણે ચાર દિવસ જીવીએ કે ન જીવીએ'' ની ભાવના હેઠળ કામ કર્યું. તેમણે કહ્યું કે દેવરસ ભાઈઓના મૂલ્યોને ધ્યાનમાં રાખીને, અહીં આંખની હોસ્પિટલ અને સેવા ન્યાસ સ્મારક ઇમારતનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આરએસએસના વડા મોહન ભાગવતે પણ કેપ્ટન સ્મિત માછરની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે કેપ્ટન સ્મિત ભારતીય માટીના ગુણોનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે કહ્યું કે સ્મિત માછરે છરા માર્યા હોવા છતાં, પોતાના જીવની પરવા કર્યા વિના તેમને બચાવ્યા. તેમણે કહ્યું કે સ્મિત માછર આ માટીના ગુણોનું પ્રતિનિધિત્વ કરે છે, આ માટીમાંથી પસાર થયેલી સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરે છે. મોહન ભાગવતે કહ્યું કે જ્યાં સીધું કામ થઈ રહ્યું છે, ત્યાં વધુ બોલવાની જરૂર નથી. તેથી, ભાષણો જરૂરી નથી, કામ મહત્વનું છે. તેમણે કહ્યું કે લોકો ભાષણો ભૂલી જાય છે, પરંતુ તેઓ તેમને યાદ રાખે છે.



CEC એક્ટના નિર્ણય પર પુનર્વિચારની માંગ

સીઈસી એક્ટ પર સુપ્રીમ કોર્ટના નિર્ણય સામે રિકોલ અરજી પર વહેલી સુનાવણીની માંગ કરવામાં આવી

નવીદિલ્હી, તા. ૭

મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂકને લગતા ૨૦૨૩ના કાયદા પર સુપ્રીમ કોર્ટના તાજેતરના નિર્ણયને પડકારતી રિકોલ અરજી બુધવારે મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંત સમક્ષ માંગવામાં આવી હતી. વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણને CJIની આગેવાની હેઠળની કોર્ટ સમક્ષ અરજીનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ મામલે ક્યુરેટિવ પિટિશન પહેલાથી જ દાખલ કરવામાં આવી છે, પરંતુ તેમનું માનવું છે કે ક્યુરેટિવ પિટિશન પહેલાં રિકોલ પાસાને ધ્યાનમાં લેવાની જરૂર છે. CJI સૂર્યકાંતે જવાબ આપ્યો, ''અમે તેની તપાસ કરીશું અને પછી નિર્ણય લઈશું.'' રિકોલ અરજીનો મુખ્ય આધાર જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માના પુત્ર સિદ્ધાર્થ શર્મા છે, જે ભારતીય ચૂંટણી પંચ (ECI) સાથે સંકળાયેલા છે. અરજીમાં જણાવાયું છે કે સિદ્ધાર્થ શર્મા જુલાઈ ૨૦૨૪ થી મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં ચૂંટણી પંચના સ્થાયી વકીલ છે. અરજદારનો દાવો છે કે ન્યાયાધીશ શર્માએ કેસની સુનાવણીમાંથી પોતાને દૂર રાખવા જોઈતા હતા.

અરજદારનો દલીલ છે કે ન્યાયાધીશ શર્માએ તેમના પુત્રના ચૂંટણી પંચ સાથેના વ્યાવસાયિક જોડાણનો ખુલાસો કરવો જોઈતો હતો જેથી પક્ષકારો આ આધારે રિકોલની માંગ કરી શકે. અહેવાલ છે કે ૨૩ સપ્ટેમ્બરના રોજ, ન્યાયાધીશ દીપાંકર દત્તા અને સતીશ ચંદ્ર શર્માની બનેલી બે સભ્યોની બેન્ચે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) અને ચૂંટણી પંચ (EC) ની નિમણૂકને નિયંત્રિત કરતા ૨૦૨૩ ના કાયદાને પડકારતી અરજીઓ પર અલગ અલગ મંતવ્યો જારી કર્યા હતા. ન્યાયાધીશ દીપાંકર દત્તા આ મામલાને મોટી બંધારણીય બેન્ચને મોકલવાની જરૂરિયાત સાથે અસંમત હતા, જ્યારે ન્યાયાધીશ સતીશ ચંદ્ર શર્મા સંમત થયા હતા કે આ મામલામાં બંધારણીય અર્થઘટનના મહત્વપૂર્ણ પ્રશ્નો સામેલ છે અને ઓછામાં ઓછા પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચ સમક્ષ તેની સુનાવણી થવી જોઈએ.



બે ન્યાયાધીશોના અલગ અલગ મંતવ્યો બાદ, કેસની ફાઇલ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતને મોકલવામાં આવી હતી જેથી નક્કી કરી શકાય કે કેસની સુનાવણી માટે બંધારણીય બેન્ચની રચના કરવી જોઈએ કે નહીં. બુધવારે, વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણે CJI સૂર્યકાંતને જણાવ્યું હતું કે તેમણે અગાઉ ન્યાયાધીશ દીપાંકર દત્તાની કોર્ટમાં રિકોલ અરજીનો ઉલ્લેખ કર્યો હતો, પરંતુ વહીવટી સ્તરે મામલો ત્યાંથી મુક્ત થયા પછી, તે હવે CJI સમક્ષ મૂકવામાં આવ્યો છે. તેમણે ક્યુરેટિવ અરજીનો પણ ઉલ્લેખ કર્યો હતો. CJIએ કહ્યું કે કોર્ટ આ મામલાની તપાસ કરશે અને પછી આગળનો નિર્ણય લેશે.

આ વિભાજિત નિર્ણય મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) અને ચૂંટણી કમિશનરો (ECs) ની નિમણૂકને નિયંત્રિત કરતા ૨૦૨૩ ના કાયદાને પડકારતી અરજીઓ પર આવ્યો હતો. આ કેસ મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરો (નિમણૂક, સેવાની શરતો અને કાર્યકાળ) અધિનિયમ, ૨૦૨૩ ની બંધારણીય માન્યતા સાથે સંબંધિત છે. આ કાયદાએ ચૂંટણી કમિશનરોની નિમણૂક માટેની પસંદગી સમિતિમાંથી CJI ને દૂર કર્યા અને તેમના સ્થાને વડા પ્રધાન દ્વારા નિયુક્ત કેન્દ્રીય કેબિનેટ મંત્રીને નિયુક્ત કર્યા. સમિતિમાં હવે વડા પ્રધાન, લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને વડા પ્રધાન દ્વારા નિયુક્ત કેન્દ્રીય મંત્રીનો સમાવેશ થાય છે.

ડીસીબી, પીસીબીની જેમ જ પોલીસ સ્ટેશનોની ટીમો પણ દારૂબંધીને કડક બનાવવા સક્રિય

રેલમછેલ પહેલા પકડાયો ૧૪૧ લાખનો દારૂ

કુવાડવા રોડ પોલીસની ટીમનો નવાગામ આણંદપરમાં દરોડોઃ બોલરોમાંથી પણ દારૂ મળ્યોઃ ચાર મજૂરની ધરપકડઃ મંગાવનારા, મોકલનારાઓની શોધખોળ

રાજકોટ, તા.૭

દારૂબંધીનો કડક અમલ કરાવવા રાજકોટ શહેર ડીસીબી, ક્રાઇમ બ્રાંચ, એલસીબીની ટીમો સતત બૂટલેગરો, રોટલીયાઓને પકડીને લાખોનો દારૂ જપ્ત કરે છે. તો અવાર-નવાર જે તે પોલીસ સ્ટેશનોની ટીમો દ્વારા પણ આવી કામગીરી થતી રહે છે. આ વચ્ચે કુવાડવા રોડ પોલીસને મોટી સફળતા મળી હતી. નવાગામ આણંદપરમાં ચાર મજૂરોએ ગોડાઉનમાં ઉતારેલો ૧૪૧ લાખનો દારૂ ઝડપી લેવાયો હતો. બોલેરો ગાડીમાં પણ દારૂ ભરેલો હોઇ આ ગાડી પણ કબ્જે કરી કુલ પોણા ઓગણીસ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો હતો.







શહેરમાં દારૂ અને નશીલા પદાર્થોના ગેરકાયદે વેંચાણ અટકાવવા માટે પોલીસ દ્વારા ચલાવવામાં સ્પેશ્યલ ડ્રાઇવ ચલાવાઇ રહી છે. જે અંતર્ગત કુવાડવા રોડ પોલીસની ટીમે નવાગામમાં બાતમીના આધારે દરોડો પાડી ગોડાઉન અને વાહનમાંથી રૂા.૧૪.૫૮ લાખના દારૂના જથ્થા સાથે ચાર શખ્સોને દબોચી લઇ દારૂ, વાહન સહિત કુલ રૂા.૧૮.૭૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. વિગતો જોઇએ તો શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડિસીપી ઝોન-૧ હેતલ પટેલ એસીપી વી.બી. જોડેજાની સુચનાથી કુવાડવા રોડ પોલીસના પીઆઇ એ.એન. જાનીની રાહબરીમાં એએસઆઇ કે. વી. જાડેજા, કોન્સ. કુશલભાઇ જોષી, જયદીપભાઇ ધોળકીયા, જયપાલભાઇ બરારીયા, ભાવેશભાઇ મકવાણા, એલ. આર. જયેશભાઇ કાસીયાણીયા, અરવિંદભાઇ ગોહિલ અને પીન્ટુભાઇ હીરપરા સહિતની ટીમ સ્પેશીયલ ડ્રાઇવને લઇ પેટ્રોલીંગમાં હતી .

આ દરમિયાન બાતમી મળી હતી કે નવાગામ આણંદપરમાં તળાવવાળા રોડ પર કેશુબાપાના બગીચા પાસે શેરી નં.૨ બંધ શેરીમાં આવેલા ગોડાઉનમાં અમુક શખ્સો ગોડાઉનમાંથી બોલેરો વાહનમાં અંગ્રેજી દારૂના જથ્થાની હેરફેરી કરે છે. જે બાતમી આધારે પોલીસે તે ગોડાઉનમાં દરોડો પાડયો હતો. જયાં ગોડાઉન બહાર બોલેરો વાહનમાં ચાર શખ્સો બોક્ષ ભરતા નજરે પડતા પોલીસે તેને પકડી પુછતાછ કરતા પોતાના નામ પાર્થ શૈલેષભાઇ સોલંકી, આશીષ ઉર્ફે ધુપેશ ભગવાનજીભાઇ જાપડીયા, રાહુલ મુકેશભાઇ મકવાણા (રહે. ત્રણેય નવાગામ આણંદપર બસ સ્ટેન્ડ પાસે) અને અજમલ ગોવિંદભાઇ પરમાર (રહે. નવાગામ રંગીલા સોસાયટી, ટીનાભાઇ ભરવાડની વાડીમાં) હોવાનું જણાવ્યું હતું.

ગોડાઉન આગળ બોલેરો વાહનની તલાશી લેતા તેમા પુઠાના બોક્ષમાં ભરેલી ફોર સેલ ઇન પંજાબ ઓન્લી લખેલી દારૂની ૩૮૪ બોટલ મળી આવી હતી. ત્યારબાદ પોલીસે ગોડાઉનની ઝડતી કરતાં તેમાંથી ૨૫૩૨ દારૂની બોટલ મળી આવી હતી જેથી પોલીસે વાહન અને ગોડાઉનમાંથી મળી રૂા. ૧૪.૫૮ લાખની કિંમતની દારૂની કુલ ૨૯૧૬ બોટલ, ૪ લાખનું વાહન, ૩ એપલ-૧૩ સહિત ત્રણ મોબાઇલ, તાલપત્રી, ૧૧ બાચકા મળી કુલ રૂા. ૧૮.૭૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચારેય શખ્સોને ઝડપી લીધા હતા. પોલીસે જણાવ્યું કે પકડાયેલા ચારેય શખ્સો શ્રમિકો છે. આ દારૂનો જથ્થો કયાંથી લાવ્યા હતા અને કોને આપવાનો હતો તે મામલે તપાસ શરૂ કરાઇ છે. તેમજ ગોડાઉન માલીક અને સંચાલકની પુછતાછ માટે કવાયત શરૂ કરાઇ હતી. આમ પોલીસે લાખોના દારૂની શહેરમાં રેલમછેલ થાય એ પહેલા તે ઝડપી લીધો હતો. દારૂ મંગાવનારા, મોકલનારાઓની શોધખોળ થઇ રહી છે.

તારા પેટમાં મારું બાળક નથી કહી સગર્ભાને પતિએ ધોકાવી

પતિ ઉપરાંત સાસુ, સસરા, નણંદ પણ તૂટી પડ્યાર : પતિએ કહ્યું-ત્રણ વર્ષથી તું અહિ હતી કંઇ ન થયું, ત્રણ મહિના માવતરે ગઇ ને પ્રેગનન્ટ થઇ ગઇ?: આજીડેમ પોલીસે ગુનો નોંધ્યો : બીજી ઘટનામાં પતિની શંકા અને ત્રાસથી કંટાળી પરિણીતાએ કર્યો આપઘાતનો પ્રયાસ

રાજકોટ તા. ૭

પરિણીતાઓને અલગ અલગ કારણોસર પતિ સાસરીયા ત્રાસ આપતા હોવાના બનવો અવાર-નવાર બનતા રહે છે. આ દરમિયાન એક ચોંકાવનારો કિસ્સો પોલીસ ચોપડે ચડ્યો હતો. જેમાં એક સગર્ભાને તેના પતિએ તારી કૂખે ઉછરી રહેલુ બાળક મારુ નથી, કોનુ છે? તેમ કહી માર માર્યા બાદ તેણીને સાસુ, સસરા, નણંદે પણ વાળ પકડી ધોકાવી હતી અને બાદમાં ચારેય ભેગા થઇને તેણીને માવતરના ઘર પાસે મુકીને ભાગી ગયા હતાં. આ મામલે પોલીસે ગુનો દાખલ કરી તપાસ આરંભી હતી. અન્ય એક બનાવમાં એક પરિણીતાને પતિ દારૂ પી મારકુટ કરી ચારિત્ર્ય પર શંકા કરી ત્રાસ આપતો હોઇ તેણીએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.



વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં કોઠારીયા રોડ હુડકો ચોકડી પાસે સાસરૂ ધરાવતી અને હાલ રૈયાધાર ઝૂપડપટ્ટી વિસ્તારમાં માવતરે રહેતી ૨૨ વર્ષીય પરિણીતા પર પતિ-સાસરિયાએ શંકા કરી પતિએ તારી કુખમાં જે બાળક છે તે મારું નથી તેમ કહી મારકુટ કરતાં અને સાસુ, સસરાએ પણ વાળ પકડી પગ પર પાટા મારી ત્રાસ ગુજાર્યા બાદ તેણીને માવતરે મુકીને જતાં રહતાં ફરિયાદ દાખલ થઇ હતી. આ બનાવમાં આજીડેમ પોલીસે ભોગ બનનાર બાવીસ વર્ષની પરિણીતાની ફરિયાદ પરથી કોઠારીયા ચોકડી રાધેશ્યામ સોસાયટી પાસે રહેતાં તેણીના પતિ, સસરા, સાુ અને નણંદ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કર હતી.

પોલીસ ફરિયાદ મુજબ તેણીના લગ્ન ત્રણ વર્ષ પહેલા થયા છે. પતિ-પત્નિ વચ્ચે અવારનવાર ઝઘડા થતા હોવાથી પરિણીતા છેલ્લા ત્રણ મહિનાથી પોતાના માતા-પિતાના ઘરે રહેતી હતી. તારીખ ચોવીસમી ઓગષ્ટના રોજ સાંજે સમાધાન થતાં પતિ તેણીને પરત પોતાના ઘરે લઇ ગયો હતો. એ જ રાતે તેણીએ પોતે ગર્ભવતિ હોવાનું પતિને કહેતાં આ સાંભળતા જ પતિ ઉશ્કેરાઇ ગયો હતો અને કહ્યું હતું કે- લગ્નના ત્રણ વર્ષ સુધી બાળક ન થયું અને ત્રણ મહિના પિયર રહ્યા પછી તું પ્રેગ્નન્ટ થઇ, આ બાળક મારું નથી, કોનું છે? તેમ કહી ઝઘડો કરવા લાગ્યો હતો. ઝઘડાનો અવાજ સાંભળી સાસ, સસરા અને નણંદ આવી ગયા હતાં. તેણે પણ ચારિત્ર્ય પર શંકા કરી હતી અને જેમ તેમ બોલ્યા હતાં.

સાસુએ તેણીના વાળ પકડી રાખ્યા હતાં અને નણંદે ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમજ સસરાએ પગ પર પાટુ મારતાં પરિણીતા નીચે પડી ગઇ હતી. આ બાદ ચારેય જણા તેણીને રિક્ષામાં બેસાડી રૈયા ધાર પાસે આવેલા પાણીના ટાંકા પાસે ઉતારીને જતાં રહ્યા હતાં. બનાવ અંગે જાણ થતાં પરિણીતાના માતા આવી પહોંચ્યા હતા અને તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી હતી. સારવાર પૂર્ણ થયા બાદ પરિણીતાએ આજીડેમ પોલીસ સ્ટેશન પહોંચી પોતાના પતિ-સાસુ-સસરા અને નણંદ વિરૂધ્ધ ફરિયાદ આપતાં ઇન્સપેકટર એચ. અને. પટેલના માર્ગદર્શનમાં પીએએસઆઇ જે. એમ. જાડેજાએ એફઆઇઆર દાખલ કરી હતી.

બીજી એક ઘટનામાં વીર સાવરકર આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં મનિષાબેન મહેશભાઇ સોલંકી નામના આડત્રીસ વર્ષના મહિલાએ મહિલા કોલેજ કોસ્મો કોમ્પલેક્ષ નજીક ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. બનાવની જાણ પોલીસને થતાં નિવેદન નોંધવા તજવીજ થઇ હતી. તેણીનેબે સંતાન છે. પતિ દારૂ પી શંકા કરી હેરાન કરતો હોઇ કંટાળીને પગલુ ભર્યાનો આક્ષેપ તેણીએ કર્યો હતો. આમ બે અલગ અલગ બનાવમાં પતિની શંકાનો ભોગ બે પરિણીતા બની હતી.

કાયદો વ્યવસ્થા જાળવવા પોલીસ ડ્રાઇવની હેટ્રીકઃ ઠેકઠેકાણે દરોડા

દારૂ ઢીંચી નીકળી પડેલા આઠ છરીઓ સાથે છ પકડાયા

દેશી દારૂ સાથે બે મહિલા સહિત નવને પોલીસે પકડી લીધા

રાજકોટ તા. ૭

શહેરમાં કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તે માટે શહેર પોલીસ દ્વારા સતત ત્રીજા દિવસે ડ્રાઇવ યોજાઇ હતી. જેમાં દારૂ ઢીંચી ડમડમ થઇ નીકળેલા આઠ અને છરીઓ સાથે રાખીને નીકળેલા છ શખ્સો પકડાઇ ગયા હતાં. દેશી દારૂના પણ નવ દરોડા પાડી બે મહિલા સહિત નવને પકડી લેવાયા હતાં. એક શખ્સદારૂ પી આટો મારવા નીકળ્યો ત્યાં પોલીસ ભેટી ગઇ હતી.

વિગતો જોઇએ તો દારૂપી વાહન લઇને નિકળેલા આઠ શખ્સો ઝડપાયા હતા. એ ડીવીઝન પોલીસે રામનાથપરા મેઇન રોડ પરથી ચંદુ કાળુભાઇ રાતોજાને, કુવાડવા પોલીસે નવાગામ આણંદપર પાસેથી એઝાઝઅહેમદ યાસીનભાઇ બુખારીને, દેવનગર ઢોરા પાસેથી સંજય બાબુભાઇ એંધાણીને, માલીયાસણ ચોકડી પાસેથી ચંદ્રેશ પોપટભાઇ પાધડારને, ભકિતનગર પોલીસે જંગલેશ્વર ગ્રીન પાર્ક મેઇન રોડ પરથી સતાર સીદીકભાઇ દોઢીયાને, હુડકો પોલીસ ચોકી પાસેથી રાકેશ ખુમાન ગુંડીયાને, થોરાળા પોલીસે ચુનારાવાડ ચોક પાસેથી નીતેશ વિનોદભાઇ દેગામાને, આજીડેમ પોલીસે સાંઇબાબા સર્કલ પાસેથી ભાવેશ વિનોદભાઇ મકવાણાને પકડી લીધા હતા.

આ ઉપરાંત પોલીસે છરી સાથે છને પકડી લીધા હતા. જેમાં એ ડીવીઝન પોલીસે મોચી બજાર માર્કેટ પાસેથી પરેશ દેવજીભાઇ ચુડાસમાને, ગરૂડ ગરબી ચોક પાસેથી કિશોર મગનભાઇ ચૌહાણને, બી ડીવીઝન પોલીસે મોરબી રોડ પર જુના જકાતનાકા પાસેથી વીપુલ મહેશભાઇ સીતાપરાને, એરપોર્ટ પોલીસ બેલડા ગામ પાસેથી જયેશ ઉર્ફે જયલો પ્રભાતભાઇ સાગઠીયાને, ભકિતનગર પોલીસે સોરઠીયાવાડી સર્કલ પાસેથી મનોજ અશોકભાઇ સોલંકીને, ગાંધીગ્રામ પોલીસે ઘંટેશ્વર ૨૫ વારીયા પાસેથી વિકાસ બાબુભાઇ ચૌહાણને પકડી લીધા હતા.

જ્યારે દેશી દારૂના દરોડા જોઇએ તો એ-ડીવીઝન પોલીસે લોહાનગરમાંથી ગોવિંદ પોલાભાઇ રાજપરાને ૧ લીટર દારૂ સાથે, ભવાનીનગરમાંથી કમલેશ જગદીશભાઇ વાળાને પાંચ લીટર સાથે, કુવાડવા રોડ પોલીસે ગવરીદળ ગામની સીમમાંથી હરસુખ નાનજીભાઇ જખાનીયાને ૬ લીટર દારૂ સાથે, ભકિતનગર પોલીસે સહકાર રોડ પરથી રાજેશ અરજણભાઇ રામાણીને ૩ લીટર દારૂ સાથે, ભીખુ દાનાભાઇ બે લીટર સાથે, થોરાળા પોલીસે ચુનારાવાડમાંથી જમન લક્ષ્મણભાઇ અડવાડીયાને પાંચ લીટર સાથે, આજીડેમ પોલીસે સહજાનંદ સોસાયટીમાંથી રેખા જીતેન્દ્રભાઇ સોલંકીને ૪ લીટર દારૂ સાથે, ગાંધીગ્રામ પોલીસે ઘંટેશ્વર ૨૫ વારીયામાંથી ભરત મનસુખભાઇ ખેતાણીને પાંચ લીટર દારૂ સાથે, જામનગર રોડ પર ગાયત્રીધામ પાસેથી નિતીન રાજેશભાઇને પાંચ લીટર દારૂ સાથે ઝડપી લીધા હતા. થોરાળા પોલીસે ચુનારાવાડ ચોક પાસેથી વીમલ જગદીશભાઇ દેગામાને, હાર્દિક પ્રકાશભાઇ ચૌહાણને પકડી લીધા હતા.આમ સતત ત્રીજા દિવસે પોલીસે ખાસ ડ્રાઇવ યોજી હતી. મનસુખભાઇ ખેતાણીને પાંચ લીટર દારૂ સાથે, જામનગર રોડ પર ગાયત્રીધામ પાસેથી નિતીન રાજેશભાઇને પાંચ લીટર દારૂ સાથે ઝડપી લીધા હતા. થોરાળા પોલીસે ચુનારાવાડ ચોક પાસેથી વીમલ જગદીશભાઇ દેગામાને, હાર્દિક પ્રકાશભાઇ ચૌહાણને પકડી લીધા હતા.આમ સતત ત્રીજા દિવસે પોલીસે ખાસ ડ્રાઇવ યોજી હતી.

ઘરે ભજન-સંતવાણી રાખતાં તેમાં કલાકારોની સાથે આવેલા દિનેશે પરિણીતા અને તેના પતિ સાથે પરિચય કેળવ્યો પછી હવસખોરીની જાળ બિછાવી તેમાં આબાદ ફસાવી

ગુરૂએ વારંવાર દેહ પીંખી બ્લેકમેઇલ કરી

દિનેશ કહેતો દુનિયામં જે કંઇ છે તે હું જ છું, મારું ધાર્યુ જ થાય છે...જેથી પરિણીતાને તેના પતિએ જ દિનેશ પાસે ગુરૂ ઉપદેશ લેવડાવ્યોઃ પછી આ કહેવાતા ગુરૂએ હવે ગુરૂ-સેવકનું અંતર ભાંગવું પડે તેમ કહી દેહ પીંખ્યો પછી વારંવાર આ રીતે હવસખોરી આચરીઃ દાગીના, રોકડ પણ લઇ ગયોઃ પરિણીતાએ સોનાનો હાર ન દેતાં વિડીયા-ફોટા વાયરલ કરવાની ધમકી દીધીઃ વિંછીયા પોલીસે હવસખોર સામે દાખલ કરી એફઆઇઆર

રાજકોટ, તા. ૭

અનેક ગામ કે શહેરમાં અવાર-નવાર સંબંધોને શર્મસાર કરતી ઘટનાઓ સામે આવતી રહે છ. જેમાં હવસખોરો હેવાનીયત આચરી હદ વટાવી દેતા હોય છે. આવીજ એક ચોંકાવનારી અને ખળભળાટ મચાવતી ઘટના સામે આવીહ તી. જેમાં એક લેભાગુએ પોતાને ગુરૂ ગણાવી એક મહિલા સેવક સાથે બળજબરી આચરી હતી. આ હવસખોરે ગુરૂ અને સેવક વચ્ચે અંતર ભોગવું પડશે તેમ કહી વિંછીયા પંથકની પરિણિતા સાથે વારંવાર દેહ સંબંધ બાંધી લીધો હતો. એટલુ જ નહિ તેની પાસેથી રોકડ, સોનાના દાગીના પણ પડાવી લેતાં ચકચાર મચી ગઇ હતી.

આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો વિંછીયા પંથકની પરણિતાની ફરિયાદને આધારે પોલીસે આરોપી દિનેશ ધીરૂભાઇ ઘોરીયા કે જે વિંછીયાના હાથસણી ગામનો વતની છે તેના વિરૂધ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. ફરીયાદમાં પરિણીતાએ જણાવ્યું હતું કે ભજન સંતવાણીનો કાર્યક્રમ રાખવો હોઇ જેથી મારા પતીએ હાથસણી ગામના બહાદુરભાઇ ડાયાભાઇ મેરને વાત કરેલ અને તેની સાથે ભજન કરતા લોકોને પણ સાથે લાવવાની વાત કરેલ હતી. જેથી મારી વાડીએ ભજન સંતવાણીનો ડાયરો હતો તે દિવસે બહારદુરભાઇ તેની સાથે હાથસણીના દિનેશભાઇ ધીરૂભાઇ ઝાપડીયાને લઇને આવેલ હતા. ત્યારે અમારે દિનેશભાઇ સાથે ઓળખાણ થયેલ હતી.



આગળ જણાવ્યું છે કે ત્યારબાદ આ દિનેશભાઇ અવાર નવાર અમારી વાડીએ રાત્રીના સમયે બેસવા માટે આવતો હતો. અમારી વાડીએ કંઇ કામ હોય તો તે દિનેશ અમારી વાડીએ આવતો હતો. અને દિનેશભાઇને હાથસણી ગામમાં ખેતીની જમીન આવેલ હોય ત્યાં અમ ને ખેતીકામની જરૂરત હોય તો હાથસણી તેની વાડીએ બોલાવતો હતો. જેથી અમારે તથા આ દિનેશભાઇને એકબીજા સા થે ઘર જેવો સબંધ થઇ ગયેલ હતો. ત્યારબાદ દિનેશભાઇ ભજન કિર્તન સંતવાણી કરતા હોઇ જેથી અમને થયેલ કે આ જ્ઞાની માણસ છે. જેથી દિનેશ અમને કહેતો કે આ દુનીયામાં જે કંઇ પણ છે તે હું છું અને મારું ધાર્યુ જ થાય છે. જેથી મે તથા મારા પતીએ આ દિનેશભાઇ પાસે ગુરૂ ઉપદેશ કરાવેલ હતો.

ત્યારબાદ આજથી આશરે એકાદ વર્ષ પહેલા હું તથા મારા પતિ બંન્ને દિનેશભાઇની વાડીએ ગયેલ તો ત્યાં દિનેશે મને કહેલ કે હવે હું ગુરૂ છું અને તારે મારી સાથે અંતર ભાંગવું પડશે. તારું શરીર મને સોંપી આપવુ પડશે. તેમ કહી દિનેશે મારી મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાધેલ હતો. ત્યારબાદ આ દિનેશ અમારા ઘરે અવાર નવાર આવતા હતા. તેમજે તેની વાડી હાથસણી ગામે હોઇ ત્યાં કામ કાજ હોય તો દિનેશ અમને ફોન કરી બોલાવતો હતો. જેથી હું તથા મારા પતિ એમ બંન્ને હાથસણી ગામે દિનેશ ભાઇની વાડીએ કામ કરવા માટે જતા હતા. કયારેક રાતનો સમય થઇ જતો હોઇ જેથી અમે ત્યાં રાત પણ રોકાતા હતા. ત્યારે દિનેશ મને તથા મારા પતિને વાડીમાં લઇ જતા હતો. ત્યાં મારી સાથે અવાર નવાર મારી મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યા હતાં. આરોપી દીનેશને જયારે જયારે પૈસાની જરૂરત હોય જે મને કે મારા પતીને પૈસા જે રકમની માંગણી કરે તે પૈસા અમે તેમને આપી દેતા હતા.

ત્યારબાદ એકવાર આ દિનેશને મારૂતી સુઝુકી કંપનીની વેગેનાર ફોરવ્હીલ ગાડી લેવી હોઇ ત્યારે પણ અમારી પાસેથી પૈસા લીધેલ હતા. ત્યારબાદ અમારી પાસે પૈસાની સગવડ ન હોઇ જેથી દિનેશ અમને કહેતો કે જો રોકડ રકમ ન હોય તો તમારી પાસે સોના ચાંદીનું ગરાણ (ઘરેણું) હોય તો તે આપો જેમ કહી આ દિનેશ મારી એક સોનાની વીટી તથા મારા પતીની સોનાની વીટી એમ કૂલ બે સોનાની વીટીઓ લઇ ગયેલ હતો. અ ને ત્યારબાદ એકવાર મારા પતી પાસેથી હાથમાં પહેરવાની ચાંદીની લક્કી લઇ ગયેલ હતો. તેમજ જયારે જયારે મારા પતિ ઘરે હાજર ન હોય તો આ દિનેશ દીવસના સમયગાળા દરમ્યાન મારી વાડીએ આવી મારી સાથે મારી મરજી વૃધ્ધ અવાર નવાર શરીર સબંધ બાંધતો હતો.

તેમજ આજથી ચારેક મહીના પહેલા દિનેશ અમને મળેલ ત્યારે મને તથા મારા પતીને કહેલ કે મારે પૈસાની જરૂર છે. જેથી તમે મને હાર આપો જેથી મે મારા સાસરીયા પક્ષ તરફથી આપેલ સોનાનો હાર જે આશરે સાડા ત્રણ તોલાનો હાર મે દિનેશને આપવાની ના પાડતા દિનેશે મને કહેલ કે તારે મને સોનાનો હા ર મને આપવો જ પડશે, નહીતર તને જાનથી મારી નાખીશ અથવા તારા ખરાબ વિડીયો મારા મોબાઇલ ફોનમાં છે. જે હું વાયરલ કરી દઇશ તેવી ધમકી આપી મારી પાસેથી બળજબરીથી સોનાનો આશરે સાડા ત્રણ તોલાનો હાર મારી પાસેથી લઇ ગયેલ હતો. બાદમાં અમારા સોનાચાંદીના ઘરેણા દિનેશ પાસે માંગતા તેણે અમને કહેલ કે તમારી વીટીઓ તથા લક્કી તથા સોનાનો હાર મારી પાસે નથી.

તમેજ એવુ કહેલું કે તમારા ઘરેણા મે વિંછીયા બેન્કમાં મુકેલ છે. તે ઘરેણું તમે ભુલી જાજો. તેમજ જો આ બાબતે પોલીસમાં ફરીયાદ કરીશ તો તને તથા તારા પતીને જાનથી મારી નાખીશ. તેવી ધમકી આપતા અંતે પોલીસમાં ફરીયાદ કરી હતી. આ ફરીયાદ અન્વયે વિંછીયા પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે. આ ઘટનાએ વિંછીયા પંથકમાં ચકચાર જગાવી દીધી છે.

ગુનેગારો ગમે એવા શાતીર હોય પોલીસ ધારે તો ધરતીના કોઇપણ છેડથી શોધી કાઢે

વર્ષોથી ફરાર બે ગુનેગાર દબોચાયા

એક શખ્સે ત્રીસ વર્ષ પહેલા હત્યા કરી નાંખી હતી અને ભાગી ગયોઃ બીજો ઠગાઇ આચરીને ફરાર હતોઃ પોલીસની સુઝબુઝ અને ટેકનીકલ એનાલિસિસને આધારે બંને પકડાઇ ગયા

રાજકોટ, તા. ૭

ગુનેગારો ભલે ગમે એવા શાતિર હોય પણ પોલીસ ધારે તો તેને ધરતીના કોઇપણ છેડેથી શોધી કાઢે છે. અલગ અલગ ગુના આચરી ભાગતા ફરતા ગુનેગારોને શોધી કાઢવાની ઝુબેશ અંતર્ગત પોલીસને બે સફળતા મળી હતી. ત્રીસ વર્ષ પહેલા હત્યા કરી ભાગી ગયેલા હત્યારાને છેક હવે પોલીસે દબોચી લીધો હતો. હવે તે વૃધ્ધાવસ્થાએ પહોંચી ગયો હતો. બીજી તરફ ઠગાઇના ગુનામાં ત્રેવીસ વર્ષથી ફરાર આરોપીને પણ પોલીસે દબોચી લીધો હતો.

પ્રથમ કેસની વિગતો જોઇએ તો સુરતમાં ત્રીસ વર્ષ પહેલાં નિર્દયતાપૂર્વક હત્યા કરી પોલીસને સતત ચકમો આપી રહેલો મોસ્ટ વોન્ટેડ ક્રિમિનલ આખરે કાયદાના સકંજામાં આવી ગયો હતો. વર્ષ ૧૯૯૬માં સચિન વિસ્તારમાં તલવાર અને છરીના ઘા ઝીંકી યુવકનું ઢીમ ઢાળી દેનાર હત્યારો ચંદર અનંત દલાઇ પોતાનું અસ્તિત્વ છુપાવીને નાસતો-ફરતો હતો. સુરત શહેર પીસીબીની ટીમે ગુપ્ત બાતમીના આધારે ઓડિશાના ગંજામ જિલ્લાના ફલેશ્વરપલ્લી ગામમાં છાપો મારી આ રીઢા ગુનેગારને દબોચી લીધો હતો. ગુનો આચર્યા બાદ વર્ષો સુધી ફરાર રહેતા ગુનેગારોને શોધી કાઢવાના અભિયાન હેઠળ સુરત પોલીસને સફળતા મળી હતી. પોલીસ પૂછપરછમાં સામે આવેલી વિગતો મુજબ વર્ષ ૧૯૯૬માં સચિન જીઆઇડીસી સ્થિત બાંગ્લાદેશ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ચંદર દલાઇ અને તેના અન્ય છસાથીદારોનો ચુનીલાલ કોરાટ અને દિનેશ્વર પાલ સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

આ તકરાર લોહિયાળ અથડામણમાં પરિણમી હતી, જેમાં આરોપીઓએ ઘાતક હથિયારો વડે હુમલો કરી દિનેશ્વર પાલને મોતને ઘાટ ઉતારી દીધો હતો. ઘટના બાદ સચિન પોલીસ મથકે રાયોટીંગ હત્યાનો હેઠળ ગુનો નોંધાયો હતો. આ ચકચારી હત્યા બાદ ધરપકડથી બચવા ચંદર દેશના અલગ-અલગ રાજ્યોમાં છુપાઈને છૂટક મજૂરી કામ કરતો હતો. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે આ હત્યા કેસમાં કુલ સાત આરોપી સંડોવાયેલા હતા. જે પૈકી ચાર આરોપીઓની પોલીસે અગાઉ જ ધરપકડ કરી લીધી હતી, જ્યારે ત્રણ આરોપીઓ લાંબા સમયથી નાસતા ફરતા હતા. પકડાયેલા ચંદર સિવાયના અન્ય ૨ ફરાર સાથીદારો કાલિયા મોહન ગૌડ અને ઉપેન્દ્ર ગંગાધર દલાઇ ઘણા સમય પહેલાં જ મરણ પામ્યા હોવાનું ખુલ્યું હતું.

વધુ માહિતી અનુસાર પી.સી.બી.એ તેમના મોતના સત્તાવાર પુરાવા એકત્ર કરી લીધા હતો અને આરોપી ચંદર વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરી આગળની તપાસ માટે તેનો કબ્જો સચિન પોલીસ મથકને



સોંપવાની તજવીજ હાથ ધરી હતી. સુરત પી.સી.બી.ની ટીમે ઓડિશા જઈ આ ઓપરેશન સફળ બનાવ્યું હતું. પી.સી.બી. શાખા દ્વારા છેલ્લા સાડા ૩ વર્ષના ગાળામાં દસ વર્ષ કે તેથી વધુ સમયથી ફરાર હોય તેવા ગંભીર ગુનાના કુલ ૫૭ મોસ્ટ વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે.

બીજી તરફ અમરેલીની રાજુલા પોલીસે છેતરપિંડીના ગુનામાં ત્રેવીસ વર્ષથી ફરાર આરોપીને મોરબીથી પકડ્યો હતો. આ આરોપી પ્રકાશ રતિલાલ બઘાણી ઉર્ફે બદાણી પીપાવાવ પોર્ટ પર સુરક્ષા સુપરવાઈઝર હતો. તેણે ૨૦૦૩માં સુરક્ષા કર્મચારીઓના પગારના ૯૪,૬૮૫ રૂપિયા લઈને ફરાર થયો હતો. આ ગુનો ૨૦૦૩માં ત્મ્દ કલમ ૪૦૬ અને ૪૨૦ હેઠળ નોંધાયો હતો. પીપાવાવના સુરક્ષા અધિકારી ઉમેદસિંગ લાંબાએ ફરિયાદ કરી હતી. આરોપી મુંબઈ-મલાડની કંપનીના સુરક્ષા કર્મચારીઓના પગાર લઈને ભાગી ગયો હતો. પોલીસે ૨૦૦૩માં જૂનાગઢ અને મુંબઈમાં તપાસ કરી હતી, પરંતુ તે મળ્યો નહોતો. તે પોતાની ઓળખ, મોબાઈલ અને બેંકિંગ સહિતની ડિજિટલ કડીઓ બદલતો રહ્યો હતો. ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સની મદદથી પોલીસ તેના સુધી પહોંચી.

વધુ વિગત મુજબ અમરેલી એસપી સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ રાજુલા પીઆઇ વી.એમ. કોલાદરાની ટીમે આ કાર્યવાહી કરી. આરોપી ૧૦ હજાર રૂપિયાનો ઇનામી હતો. રાજુલા પોલીસની તપાસમાં સામે આવ્યું કે આરોપી છેલ્લા ઘણા વર્ષોથી પોતાની ઓળખ અને ડિજિટલ કડીઓ બદલતો રહ્યો હતો. પ્રકાશ રતિલાલ શાહ નામ ધારણ કરીને તેણે રાજસ્થાનના જોધપુર, જયપુર ઉપરાંત નાસિક, વડોદરા, જામનગર, સુરત, રાજકોટ-મેટોડા જીઆઇડીસી અમદાવાદ, પાલનપુર-બનાસકાંઠા અને મોરબી સહિતના વિવિધ સ્થળોએ રહેવા દરમિયાન નવા મોબાઇલ નંબર, બેંક એકાઉન્ટ અને સરનામાંનો ઉપયોગ કર્યો હતો. પોલીસ તપાસ મુજબ આરોપી નોકરી છોડતી વખતે મોબાઇલ નંબર બંધ કરી દેતો હતો અને જૂના સંપર્કો સાથેનો સંપર્ક પણ તોડી નાખતો હતો.

તપાસ દરમિયાન પોલીસને તેના સાથે સંકળાયેલા કુલ ૯ મોબાઇલ નંબર મળી આવ્યા હતા, પરંતુ તેમાંથી મોટાભાગના વર્ષ ૨૦૨૪ સુધીમાં બંધ થઈ ચૂક્યા હતા અથવા અન્ય વ્યક્તિઓના નામે થઈ ગયા હતા. આરોપીના ત્રણ બેંક એકાઉન્ટ પણ મળી આવ્યા હતા, જે વર્ષ ૨૦૨૪ સુધીમાં બંધ થઈ ચૂક્યા હતા. સોશિયલ મીડિયા એકાઉન્ટ પણ બંધ કરી દેવામાં આવ્યા હતા. આરોપી સુધી પહોંચવા માટે રાજુલા પોલીસની ટીમે ટેકિન્કલ એનાલિસિસ, સોશિયલ મીડિયા, બેંકિંગ વિગતો અને હ્યુમન સોર્સ સહિતની વિવિધ દિશામાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આરોપીની જન્મતારીખ ૨૬ ડિસેમ્બર ૧૯૬૬ હોવાનું જૂના રેકર્ડમાંથી સામે આવ્યું હતું. આ જન્મતારીખના આધારે કરવામાં આવેલી તપાસ દરમિયાન પ્રકાશ રતિલાલ શાહ નામની વ્યક્તિ શંકાસ્પદ જણાઈ હતી. જોકે પોલીસ દ્વારા આરોપી હોવાનું માનતા પહેલાં તેની સાથે સંકળાયેલી તમામ કડીઓનુ ડાણપૂર્વક વેરિફિકેશન કરવામાં આવ્યું હતું.

આ દરમિયાન આરોપીના જૂના ફોટા સાથે જોડાયેલી એક મહત્વની કડી પોલીસને મળી ફોટામાંથી નવજ્યોત મનોવિકાસ કેન્દ્ર, રાજસ્થાન સાથેનો સંદર્ભ મળતાં પોલીસે સંસ્થાનો સંપર્ક સાધ્યો હતો. હ્યુમન સોર્સની મદદથી આરોપીનો હાલનો મોબાઇલ નંબર મેળવવામાં આવ્યો હતો. આ નંબર પ્રકાશ રતિલાલ શાહ તરીકે રહેતા આરોપીનો જ હોવાનું ચકાસણી બાદ સ્પષ્ટ થતાં પોલીસ તેની ચોક્કસ લોકેશન સુધી પહોંચી હતી. આખરે રાજુલા પોલીસની સર્વેલન્સ ટીમે ચોક્કસ માહિતી અને લોકેશનના આધારે મોરબી ખાતેથી પ્રકાશ રતિલાલ બઘાણી ઉર્ફે બદાણીને ઝડપી પાડ્યો હતો. આમ વર્ષ ૨૦૦૩થી એટલે કે છેલ્લા ૨૩ વર્ષથી પોલીસ પકડથી દૂર રહેલા રૂ.૧૦ હજારના ઇનામી આરોપીને ઝડપી પાડવામાં રાજુલા પોલીસને સફળતા મળી હતી.

મનદુઃખને કારણે માથાકુટઃ લાકડીઓ સાથે ઘરમાં ઘુસી કુટુંબીઓએ જ કકળાટ સર્જ્યો

તારા ભાઈને બહાર કાઢ, પુરો કરી નાંખવો છે!

યુવાનના ઘરમાં ત્રણ ભાઈઓએ ધમાલ મચાવીઃ ભાભી સાથે નીકળી ગયાનું મનદુઃખ કારણભુત

રાજકોટ તા. ૭

માથાકુટના કિસ્સા રોજબોજ બનતા રહે છે. અલગ અલગ કારણોસર લોકો એક બીજા સાથે મારામારી ગાળાગાળી કરે છે અથવા તો ધાકધમકી આપી ભય ઉભો કરે છે. વધુ એક આવો ડખ્ખો થયો હતો. જેમાં એક સરધારના ઉમરાળીમાં એક યુવાનના ઘરે તેના જ ત્રણ કુટુંબી ભાઈઓએ ઘસી જઇ ક્યાં ગ્યો તારો ભાઇ બહાર કાઢ આજે તો મારી જ નાંખવો છે, ગામમાં રહેવા નથી દેવો તેમ કહી હાકલા પડકાર કરી ધમાલ મચાવી ધમકી આપતાં વાત પોલીસ સુધી પહોંચી હતી.

વિગતો જોઇએ તો તાલુકાના સરધાર નજીકના ઉમરાળી ગામમાં જૂની અદાવત અને કૌટુંબિક મનદુઃખના કારણે લાકડી સાથે ઘરમાં ઘુસીગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપવાનો બનાવ બન્યો છે. ઘરે હાજર કુટુંબી બહેનને 'તારા ભાઈ ભાવેશને બહાર કાઢ, તેને મારી નાખવો છે અને ઉમરાળીમાં આજીવન રહેવા દેવો નથી...તેમ કહી ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપવા બદલ ત્રણ કોટુંબીક ભાઇઓ સામે પોલીસે કાર્યવાહી કરી હતી. આ બનાવમાં આજીડેમ પોલીસે ઉમરાળીમાં રહેતાં અને અભ્યાસ કરતાં રોહિત વીરાભાઇ પરમાર નામના ચોવીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી સાવન પરમાર, રાજેશ ઉર્ફે રાજુ પરમાર અને સંજય પરમાર વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો.

વધુ માહિતી જોઇએ તો રોહિત પરિવાર સાથે રહે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે મંગળવારે તે વાંકાનેર ખાતે આવેલા જડેશ્વર મહાદેવના મેળામાં જવા માટે રિક્ષામાં નીકળેલ અને કુવાડવા પાસે પહોંચેલ ત્યારે બહેન દક્ષાબેનનો ફોન આવ્યો હતો. દક્ષાબેને જણાવ્યું હતું કે- આપણા કૌટુંબિક ભાઈ સાવન પરમાર, રાજેશ ઉર્ફે રાજુ પરમાર તથા સંજય પરમાર ત્રણેય જણા આપણા ઘરની ડેલીએ લાકડી લઈને ઝઘડો કરવા આવ્યા છ, તું જલ્દી ઘરે આવ. બહેનનો ફોન આવતાં જ રોહિત પરમાર તરત જ રિક્ષામાંથી ઉતરી ખાનગી વાહન મારફતે પોતાના ઘરે પહોંચ્યા હતા. ત્યાં પહોંચીને જોતાં સાવન, રાજેશ ઉર્ફે રાજુ અને સંજય ઘર પાસે ભા રહીને મોટેથી ગાળો બોલી રહ્યા હતા. રોહિતએ ઘરમાં જઈ બહેન દક્ષાબેન તથા મમ્મી અને પપ્પા જયેશભાઈને પુછતાં તેમણે જણાવ્યું કે સાવનના હાથમાં લાકડી હતી અને તેઓ આવીને કહેવા લાગેલ કે તારા ભાઈ ભાવેશને બહાર કાઢ, તેને મારી નાખવો છે અને ઉમરાળીમાં તેને આજીવન રહેવા નહીં દઈએ.

આ ઉપરાંત સાવને એવું પણ કહ્યું હતું કે મારી પત્નિ દ્વારા તારા ભાઈ પર ખોટો કેસ કરાવીને તેને ફિટ કરી દઈશું. આ વખતે રોહિતના પિતા જયેશભાઈએ ત્રણેયને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, તેમ છતાં તેઓ સમજ્યા નહોતા અને સતત ગાળો આપતા રહ્યા હતા. આ ઝઘડાનું કારણ એ હતું કે ગત તેરમી ઓગષ્ટના રોજ ફરિયાદીના મોટા ભાઈ ભાવેશ તથા કૌટુંબિક ભાભી અંજુબેન ઉર્ફે અર્ચના સાવનભાઈ પરમાર એકબીજા સાથે જતાં રહ્યાં હોઇ બાબતનો ખાર રાખી માથાકુટ કરવામાં આવી હતી. પીઆઇ એચ. એન. પટેલની રાહબરીમાં હેડકોન્સ. ટી. જે. સરવૈયાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ મામલે આજીડેમ પોલીસે તપાસ શરૂ કરી હતી.



જુના મનદુઃખમાં નવી માથાકુટ કરવા નીકળ્યા, ગમે ત્યાંથી ગોતેની ઢાળી દેવા નીકળ્યા

પોલીસે હત્યા અટકાવીઃ હથીયારો સાથે ૪ ઝબ્બે

ભગવતીપરામાં ગવલા અને સિકંદર વચ્ચે ચાલતી માથાકુટમાં સિકંદર સહિતના ચાર ગવલાને પતાવી દેવા નીકળ્યાઃ પણ બી-ડિવીઝનના ક્રિપાલસિંહ જાડેજાની બાતમીથી હત્યા થતી અટકી

રાજકોટ, તા. ૭

શાંત શહેર ગણાતાં રાજકોટ શહેરમાં નાની મોટી વાતે રોજેરોજ બાકાઝીકી બોલતી રહે છે. ઘણીવાર તો મારામારી હત્યા સુધી પહોંચી જતી હોય છે. તો ક્યારેક હત્યાની કોશિષના બનાવ બને છે. આવી જ એક ઘટના શહેરમાં નાની નાની વાતે લોકો હુમલો કરી દેતાં હોવાની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. દરમિયાન બી-ડિવીઝન પોલીસની ટીમે વધુ એક હત્યા થતી અટકાવી હતી અને હત્યાર કરવા હથીયારો સાથે નીકળેલા ચાર શખ્સોને પકડી લઇ કાર્યવાહી કરી હતી. જુની અદાવતને કારણે ભગવતીપરામાં ચાર શખ્સો એક શખ્સને પુરો કરી નાંખવાના ઇરાદે નીકળ્યા હતાં. પણ પોલીસને બાતમી મળી જતાં ચારેયને દબોચી લઇ હથીયારો કબ્જે કરી આકરી પુછતાછ કરી હતી.

વિગતો જોઇએ તો બી-ડિવીઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તે માટે નાઇટ પેટ્રોલીંગ કડક રીતે કરવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી હેતલ





પટેલ, એસીપી વી. બી. જાડેજાએ સુચના આપી હોઇ ઇન્ચાર્જ ઇન્સપેકટર એ. એન. જાનીની સુચનાથી ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. ક્રિપાલસિંહ નરપતસિંહ જાડેજાને બાતમી મળી હતી કે ભગવતીપરામાં રહેતાં ગૌરાંગ ઉર્ફે ગવલો અરવિંદભાઇ બાવાજી અને સિકંદર હારૂનભાઇ રાઉમા વચ્ચે માથાકુટ ચાલી હોઇ જુની અદાવતનો ખાર રાખી સિકંદર તેના બીજા ત્રણ મિત્રોને સાથે રાખી ઘાતક હથીયારો ધારણ કરી ગૌરાંગ ઉર્ફે ગવલાને મારી નાખવાના ઇરાદા સાથે શોધી રહ્યા છે. આ બાતમીના આધારે કોઈ અનિચ્છનીય બનાવ બને તે પહેલાં જ પોલીસ ટીમ તાત્કાલિક ભગવતીપરા વિસ્તારમાં પહોંચી હતી.

ભગવતીપરા આશાબાપીરની દરગાહ વાળા મેઇન રોડ પર ગુલાબભાઇ ડિસવાળાની દુકાન પાસે ચોકમાં જાહેર રસ્તા પર ચાર શખ્સો હાથમાં હથિયારો સાથે નજરે પડ્યા હતા. પોલીસે તુરંત ચારેયને કોર્ડન કરી લીધા હતા. જેમાં એક સિકંદર હારૂનભાઇ રાઉમા (ધંધો-ટ્રક ડ્રાઇવિંગ, રહે. ભગવતીપરા આશાબાપીર મેઇન રોડ, રાધે કૃષ્ણ મંદિરની પાછળ)ની પાછળ હતો. તેની સાથેના શખ્સોએ પોતાના નામ પ્રહલાદસિંહ બહાદુરસિંહ જાડેજા (ધંધા-ઇમિટેશન મજૂરી, રહે. ભગવતીપરા શ્રમજીવી સોસાયટી શેરી નં. ૫), નવાજ સલીમભાઇ મુલતાની (ધંધો-ટ્રક ડ્રાઇવિંગ, રહે. ભગવતીપરા શેરી નં. ૯, દશામાના મંદિર પાસે), સમીર ફીરોઝભાઇ શાહમદાર (ધંધો-મજૂરી, રહે. ભગવતીપરા નંબર ૧૦, ગુલાબભાઈ ડિસવાળાની દુકાન પાસે) જણાવ્યા હતાં.

આ ચારેયની વધુ તપાસ કરવામાં આવતાં સિકંદર રાઉમાના હાથમાંથી સ્ટીલની તલવાર મળી આવી હતી, જેના પર ઉર્દૂમાં લખાણ લખેલું હતું. આ તલવાર એક બાજુ ધારવાળી, છેડેથી બે તીક્ષ્ણ ભાગ ધરાવતી અને લાકડાના હાથો ધરાવતી હતી. પ્રહલાદસિંહ જાડેજાના હાથમાંથી પણ આવી જ એક બાજુ ધારવાળી અને બે તીક્ષ્ણ છેડા વાળી લાકડાના હાથાવાળી સ્ટીલની તલવાર મળી આવી હતી. તેમજ નવાજ મુલતાની પાસેથી લાકડાના હાથાવાળી યુ-આકારનો ધારદાર ભાગ ધરાવતી ફરસી ટાઇપની છરી મળી આવી હતી.

તેમજ જ્યારે સમીર શાહમદારના હાથમાંથી પોણા ફૂટ લંબાઇની લોખંડની પ્લેટમાંથી બનાવેલ તીક્ષ્ણ હથિયાર મળી આવ્યું હતું. ચારેય શખસા સામે ગુનો નોંધી હથીયારો કબ્જે કરી ધરપકડ કરી હતી. પોલીસની પુછતાછમાં સિકંદરે કબુલ્યું હતું કે અગાઉ તેને ગૌરાંગના મિત્ર સાથે મારામારી થઇ હતી. એ પછી તેના ભાઇના ગૌરાંગ ઉર્ફે ગવલાએ પગ ભાંગી નાંખ્યા હતાં. એક વર્ષથી માથાકુટ ચાલી રહી હોઇ મનદુઃખ ચાલતું હોઇ જેથી પોતે અને સાગ્રીત એવા ત્રણ શખ્સો હથીયારો ધારણ કરી ગૌરાંગ ઉર્ફે ગવલાને શોધીને મારી નાંખવાના ઇરાદા સાથે જ નીકળ્યા હતાં. જો કે આ ચારેય હત્યાકાંડને અંજામ આપે એ પહેલા પકડાઇ ગયા હતાં. ઇન્ચાર્જ પીઆઇ એ. એન. જાની, પીએસઆઇ એન. આર. ડોબરીયા, હેડકોન્સ. ક્રિપાલસિંહ જાડેજા, નરેશભાઇ ચાવડા, મેહુલભાઇ પંડ્યા, મહેશભાઇ કછોટ, કોન્સ. અજીતસિંહ પરમાર, જગદીશભાઇ વાંક, જગમાલભાઇ જાદવ અને સુખદેવભાઇ દાંતીએ આ કામગીરી કરી હતી. આમ પોલીસની સતર્કતાને કારણે રાજકોટમાં વધુ એક હત્યા થતી અટકી હતી.

વધુ એક સિનીયર સિટીઝનને સાયબર ગઠીયાઓએ બનાવી લીધા શિકાર

પેન્શન કાર્ડની લિંક મોકલી નાણા ખંખેર્યા

બીજી તરફ આંગડીયુ કરાવી પિસ્તાલીસ લાખનું ફ્રોડ આચરનાર ગેંગનો પર્દાફાશઃ મોટુ નેટવર્ક ખુલ્યું

રાજકોટ, તા. ૭

અલગ અલગ રીતે સાયબર ફ્રોડ આચરતાં લેભાગુ ગઠીયાઓ ગમે તેમ કરીને લોકોના બેંક ખાતામાંથી પૈસા ઉસેડી જવામાં સફળતા મેળવી પોલીસને સતત પડકારા કરી રહ્યા છે. જો કે સાયબર ફ્રોડ આચરતા આવા ગઠીયાઓ સામે સાયબર ક્રાઇમ પોલીસ સતત ટૂંકી પડી રહી છે તે નક્કર સત્યને સૌ કોઇ જાણે છે. વધુ એક ઠગાઇ થઇ હતી જેમાં એક વૃધ્ધને પેન્શન કાર્ડ બનાવી આપવાના નામે છેતરી લેવાયા હતાં. તેમણે પોતાને મોકલાયેલી લિંક ઓપન કરતાં જ ફોન હેક થયો હતો અને બેંક ખાતુ ખાલી થઇ ગયું હતું. બીજી તરફ એક વેપારી સાથે આંગડીયુ કરાવી પિસ્તાલીસ લાખની ઠગાઇ કરનાર ગેંગનો પર્દાફાશ થયો હતો.

ફ્રોડની ઘટના જોઇએ તો વડોદરાના હરણી રોડ પર સિનિયર સિટીઝન રમેશચંદ્ર પટેલ સાથે સાયબર ફ્રોડ થયો હતો. પેન્શન કાર્ડ બનાવવાની લાલચ આપી આઇસીઆઇસીઆઇ બેંકના નામે આવેલા ફોન કોલથી ઠગોએ તેમને નિશાન બનાવ્યા હતા. લિંક મોકલી બેંક વિગતો મેળવી ઓટીપી આપ્યા વિના પણ તેમના ખાતામાંથી ૭૮,૯૪૧ રૂપિયા ઉપાડી લીધા હતા. આ અંગે હરણી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે કહ્યું કે હરણી રોડ વિસ્તારમાં એક સિનિયર સિટીઝન સાથે પેન્શન કાર્ડ બનાવવાના નામે ઓનલાઇન ઠગોએ ૭૮,૯૪૧ ી વધુ રકમની છેતરપિંડી કરી લીધી હતી.

વધુ વિગતો જોઇએ તો હરણી રોડની માં રેસીડેન્સી ખાતે રહેતા અને ખાનગી કંપનીમાંથી નિવૃત્ત થયેલા રમેશચંદ્ર પટેલે પોલીસને કહ્યું છે કે તેમને આઇસીઆઇસીઆઇ બેન્કના નામે પ્રશાંત જીત સરકારના નામે ફોન આવ્યો હતો. ફોન કરનાર વ્યક્તિએ પેન્શન કાર્ડ બનાવવા બાબતે મારી સાથે વાતચીત કરી હતી અને એક લિંક મોકલી હતી. જે લિંક ઓપન કરીને મેં વિગતો ભરી હતી. મારી પાસે બેંક એકાઉન્ટની વિગતો પણ માંગવામાં આવી હતી. પરંતુ મેં ઓટીપી આપ્યો ન હતો.બીજા દિવસે મેં તપાસ કરતા



મારા ખાતામાં બે ટ્રાન્જેક્શન થયા હતા જેમાં રૂ.૭૮,૯૪૧ની રકમ ઉપડી ગઈ હતી. જેથી હરણી પોલીસને જાણ કરતા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી હતી. આ રીતે વૃધ્ધોને છેતરતા સાયબર ગઠીયાઓ વધુ એક વૃધ્ધના નાણા ઉસેડી ગયા હતા.

બીજી તરફ પોલીસને ગઠીયાઓને પકડી લેવામાં સફળતા મળી હતી. મુંબઇના વેપારી પાસે દિલ્હીમાં આંગડિયું કરાવવાના નામે સોદો કર્યા બાદ દિલ્હીના બદલે આણંદની આંગડિયા પેઢીમાં રકમ ટ્રાન્સફર કરી ઉપાડી લઇને ફરાર થઇ ગયેલી ગેંગનો આણંદ ટાઉન પોલીસે પર્દાફાશ કરી સૂત્રધાર નટવરલાલ અને વડોદરાના સાગરીતને કારમાંથી ઝડપી પાડયા હતાં. મુંબઇના સ્ટીલના વેપારી નરેન્દ્ર શાહને દિલ્હીના વેપારીની ઓળખ આપી વાતોમાં ફસાવનાર નટવરલાલે ૪૫લાખ દિલ્હી ખાતે આંગડિયુ કરવા નક્કી કર્યું હતું.

ત્યારબાદ નટવરલાલે મુંબઇમાં રોકડ આપવાની લાલચ આપી વેપારીની જાણ બહાર દિલ્હીની રકમ આણંદની ગણેશ આંગડિયા પેઢીમાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. મુંબઇના વેપારી દિલ્હી મોકલેલી રકમના બદલામાં નટવરલાલ દ્વારા મોકલવામાં આવનારી રોકડની રાહ જોઇ રહ્યા હતા,પરંતુ નટવરલાલે તેનો ફોન બંધ કરી દીધો હોવાથી વેપારીને શંકા ગઇ હતી.તેમણે તપાસ કરી તો નટવરલાલે દિલ્હીમાં મેળવવાની રકમ આણંદના ગણેશ આંગડિયામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી અને દિનેશ નામનો માણસ રૂ.૧૦ની નોટ લઇને ૪૫લાખ લઇને રવાના પણ થઇ ગયો હોવાનું જાણવા મળતાં પોલીસ ફરિયાદ કરી હતી. ઉપરોક્ત બનાવ અંગે આણંદ ટાઉનના પીઆઇ કંડોરિયાએ ટીમો બનાવીને કારનંબર તેમજ સીસીટીવી ફૂટેજને આધારે વડોદરા તરફ જતી કારમાંથી અનિલ ઉર્ફે નટવરલાલ ચમનલાલ મથવાણી અને અમિત શંકરલાલ ખત્રીને ઝડપી પાડયા હતા.

પૂછપરછ બાદ પોલીસે આંગડિયામાંથી રૂપિયા લઇ જનાર દિનેશ ઉર્ફે ચિરાગના નડિયાદના મકાનમાંથી રૂપિયા કબજે કર્યા હતા.આ ગુનામાં પોલીસે ફરાર થયેલા વડોદરાના પિયુષ ખત્રી અને દિનેશને શોધી રહી છે. મુંબઇના વેપારી પાસે આંગડિયું કરાવીને રૂ.૪૫ લાખ ઠગી લેવાના કેસમાં પકડાયેલા નટવરલાલ ઉર્ફે અનિલ મથવાણી અને તેની ટોળકીએ સુરતમાં પણ આંગડિયા સાથે સાડત્રીસ લાખની ઠગાઇ કરી હોવાની વિગતો જાણવા મળી હતી. આ ગુનામાં સુરત ક્રાઇમ બ્રાન્ચની તપાસમાં નટવરલાલ ઉર્ફે અનિલ મથવાણીનું અને વડોદરાના અમિત ખત્રીના નામ બહાર આવ્યા હતા. ટોળકીએ બીજા પણ શહેરોમાં આવી રીતે ઠગાઇ કર્યાની આશંકા સાથે વધુ તપાસ યથાવત રખાઇ હતી.

મોચી બજારમાં પરોઢે વાસણની દૂકાનમાં ચોરી

શંકાસ્પદ બે તસ્કરને ડીસીબીએ સકંજામાં લઇ પુછતાછ શરૂ કરી



રાજકોટ તા. ૭

ચોરીની વધુ એક ઘટના સામે આવી હતી. જેમા મોચી બજાર મેઇન રોડ પર વાસણની દૂકાનમાં જાળી તોડીને ઘુસી જઇ બે તસ્કર રોકડ ચોરી ગયા છે. આ બંને સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે મોચી બજાર મેઇન રોડ કડીયા સમાજની વાડીની બાજુમાં ડીલક્સ આઇસ્ક્રીમ સામે રહેતાં ભાવીનભાઇ કાંતિભાઇ કાગડા નામના સતાવન વર્ષના કંસારા વેપારીની ફરિયાદ પરથી બે અજાણ્યા સામે ગુનો નોંધ્યો હતો. પોલીસે બે શકમંદને સકંજામાં લઇ પુછતાછ શરૂ કરી હતી. ભાવીનભાઇ કાગડા ત્રણ માળના મકાનમાં રહે છે. જેમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં સી.બી. મેટલ નામે વાસણની દુકાન ચલાવે છે. મકાનમાં અને દુકાનમાં પ્રવેશ માટે એક જ રસ્તો છે.

દુકાનના ભાગે શટર છે અને બાજુમાં જ ડેલી છે. તા.૪ના રાતે સવા નવેક વાગ્યે દુકાન બંધ કરી હતી અને શટર પાડી અંદરના ભાગેથી તાળુ માર્યુ હતું. તેમજ લોખંડની ડેલી પણ બંધ કરી હતી. બાદ પાંચમીએ સવારે પોણા સાતેક વાગ્યે ભાવીનભાઇની દિકરીને કોલેજ જવું હોઇ તે નીચે ઉતરી ત્યારે દૂકાનમાં જવાની ગ્રીલ જાળીના દરવાજે મારેલુ તાળુ ખુલતું ન હોઇ તેણે પિતા ભાવીનભાઇને જગાડ્યા હતાં. તેમણે તપાસ કરતાં ખબર પડી હતી કે તાળાને કોઇ ભારે વસ્તુથી ટોચા મારી તોડવાનો પ્રયાસ થયો હતો. વધુ તપાસ કરતાં જાળી બાજુમાં તૂટેલી જોવા મળી હતી.

ત્યારબાદ નીચે દૂકાનમાં તપાસ કરતાં વાસણ સહિતની વસ્તુ જેમની તેમ જોવા મળી હતી. પણ વેપરના રૂપિયા રાખવાના ગલ્લામાંથી રૂા. ૩૫૦૦૦ ગાયબ જણાયા હતાં. સીસીટીવી કેમેરા ચેક કરતાં પાંચમીની સવારે સવા ત્રેણક વાગ્યે બે તસ્કર ગેલેરીમાં બીજા માળે આવેલી ગ્રીલ તોડતાં જોવા મળ્યા હતાં. ઘરમેળે ચર્ચા વિચારણા બાદ પોલીસ ફરિયાદ કરી હતી. તેમ વધુમાં ભાવીનભાઇએ કહેતાં પીઆઇ જે. વી. વાઢીયાની રાહબરીમાં હેડકોન્સ. એન. બી. શીયાળે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. દરમિયાન ડીસીબીએ બે શકમંદને શોધી કાઢી પુછતાછ હાથ ધરી હોઇ વધુ ગુના ઉકેલવાની શક્યતા છે.

સાયબર ગઠીયાઓ એક ભુલો ત્યાં બીજો નવો નુસ્ખો લાવીને લોકોને છેતરે છે આબાદ

વિઝા કાર્ડ હેક કરી યુવાનનું ખાતુ ખાલી કરી નાંખ્યું!

કન્સ્ટ્રકશન સપુરવાઇઝરે કોઇપણ ઓટીપી શેર કર્યા નહોતાં છતાં થઇ ગયું ફ્રોડ

રાજકોટ તા. ૭

સાયબર ગઠીયાઓ કોઇપણ રીતે ઠગાઇ કરી લેતાં હોય છે. લોકો ગમે એટલા જાગૃત બને છતાં ગઠીયાઓની લપેટમાં આવી જઇ નાણા ગુમાવી દેતાં હોય છે. નજર હટી દુર્ઘટના ઘટીની જેમ જ અહિ પણ લોકોની સ્હેજ અમથી ગફલત તેને હજારો કે લાખોનો ચૂનો લગાવી શકે છે. એક યુવાનને સાયબર ગઠીયાઓએ ક્રેડીટ કાર્ડ હેક કરી છેતરી લીધો હતો. આંતરરાષ્ટ્રીય વિઝા કાર્ડ હેક કરીને આ છેતરપીંડી કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો ગાંધીનગરમાં કન્સ્ટ્રક્શન સાઇટ પર ઇન્ટરિયર સુપરવિઝનનું કામકાજ કરતા યુવકે પોતાના બેંકના ક્રેડિટ કાર્ડની કોઈ પણ પ્રકારની ગુપ્ત વિગતો કે ઓટીપી શેર કર્યા નહોતા તેમ છતાં સાયબર ઠગો ધ્વારા આંતરરાષ્ટ્રીય વિઝા કાર્ડ હેક કરી લઈ બારોબાર કેનેડિયન ડોલરમાં ખરીદી કરીને કુલ રૂપિયા ૧.૧૯ લાખથી વધુની રકમનો ચૂનો લગાવવામાં આવ્યો છે. આ મામલે ઇન્ફોસિટી પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું



કે ગાંધીનગરના સરગાસણમાં રીડિયન રેસીડેન્સીમાં રહેતા ખેમસિંહ રામસિંહ કવરક્ષત્રી કન્સ્ટ્રક્શન સાઈટ પર ઇન્ટરિયર સુપરવિઝનનું કામકાજ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે.

જેમની પાસે આઇસીઆઇસીઆઇ બેંકનું આંતરરાષ્ટ્રીય વિઝા ક્રેડિટ કાર્ડ છે. ગત ૯ સપ્ટેમ્બરના તેઓ ઘરે હાજર હતા.તે દરમિયાન બેંકમાંથી ફોન આવ્યો હતો કે તમારા કાર્ડ પર બે ટ્રાન્ઝેક્શન કરવામાં આવ્યા છે. આ કોલ મળતાની સાથે જ તેમણે તાત્કાલિક પોતાના મોબાઈલ ફોનમાં ટેક્સ્ટ મેસેજ ચેક કર્યા હતા, જેમાં પ્રથમ મેસેજ ૯૩.૪૫ કેનેડિયન ડોલર અને બીજો મેસેજ ૧૬૭૯.૫૩ કેનેડિયન ડોલરની ખરીદીનો હોવાનું માલૂમ પડ્યું હતું. અચાનક વિદેશી ચલણમાં થયેલી ખરીદીના મેસેજ જોઈને ખેમસિંહ પણ ચકરાવે ચડી ગયા હતા.

કારણ કે ક્રેડિટ કાર્ડ પોતાની પાસે હતું. અને તેમણે કોઈ જ લિંક ઓપન કરી નહોતી કે ઓટીપી પણ શેર કર્યો ન હતો. તેમ છતાં આંતરરાષ્ટ્રીય કાર્ડ હેક કરીને ઓનલાઇન ખરીદી કરાઈ હતી. એટલે તેમણે તુરંત જ બેંકની ક્રેડિટ કાર્ડ હેલ્પલાઇનનો સંપર્ક કર્યો હતો. બેંકના -તિનિધિઓએ પણ આ ખરીદી કેનેડિયન ડોલરમાં થઈ હોવાની સ્પષ્ટતા કરી હતી. જેના પગલે ખેમસિંહે તુરંત જ પોતાના ક્રેડિટ કાર્ડને બ્લોક કરાવી દેવામાં આવ્યું હતું. સાયબર ફ્રોડ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર ફોન કરીને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. જે અન્વયે ઇન્ફોસિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આમ ગઠીયાઓએ આ નવતર ઠગાઇ કરીને સાયબર ક્રાઇમ પોલીસને પણ પડકાર ફેંક્યો હતો.

અલગ અલગ રીતે છેતરતા ગઠીયાઓ હવે મહિલાના નામે બનાવે છે પ્રોફાઇલ

લગ્ન ઇચ્છુક આધેડને પ્રિયંકાએ દીધો ફ્રોડનો ડામ

ઓનલાઇન સંપર્ક કરી અલગ અલગ બહારના બનાવી રોકડા પડાવ્યા બીજા કિસ્સામાં લોન લેવા જતાં કારખાનેદારે ગુમાવી દીધા બાવીસ લાખ

રાજકોટ તા. ૭

સાયબર ગઠીયાઓએ વધુ એક વખત મેટ્રિમોનિયલ સાઇટનો ઠગાઇ માટે ઉપયોગ કર્યો હતો. આ સાઇટ પર ઘણીવાર મહિલાના નામે ગઠીયા પ્રોફાઇલ મુકી લગ્નવાંચ્છુઓને છેતરતા હોવાનું ખુલ્યુ હતું. વધુ એક આવી ઠગાઇથઇ હતી. જેમાં આ સાઇટ પર પર મહિલાની પ્રોફાઇલ મૂકી એક પુરૂષને લગ્નના બહાને જાળમાં ફસાવીને બે લાખ પડાવી લીધા હતા. બહેનપણીએ તેના પતિને પોતાના કપડા બદલતા ફોટા પાડીને આપ્યા હતા અને તે ફોટા વહેતા કરવાની ધમકી આપીને પૈસા માગતો હોવાનું કહીને આ યુવાન પાસેથી પૈસા પડાવ્યા હતા.

વિગતો જોઇએ તો અમદાવાદ સાબરમતીમાં રહેતા પ્રકાશભાઈ પટેલના પત્નીનું અવસાન થયું હતું. બીજા લગ્ન માટે તેમણે ૨૦૨૪માં મેટ્રિમોનિયલ સાઈટ પર રજિસ્ટેશન કરાવ્યું હતું. ઓગણપચાસ વર્ષિય પ્રકાશભાઇને ગત માર્ચ મહિનામાં પ્રિયંકાની રિકવેસ્ટ સ્વીકારીને વાત કરતા તેણી મુંબઈમાં રહેતી હોવાનું અને છુટાછેડા બાદ બીજા લગ્ન કરવા માંગતી હોવાનું કહીને લગ્નનો પ્રસ્તાવ મૂકયો હતો. પ્રિયંકાએ પ્રકાશભાઈને કહ્યું લંડનમાં રહેતી તેની બહેનપણીને બ્યૂટી પાર્લર ખરીદવું છે. આપણે તેને પાર્લર ખરીદીને વેચીશું તો સારો નફો મળશે.

તેવું કહીને રૂ.પંદર લાખ માગ્યા હતા. પ્રકાશભાઈએ ના પાડતા પ્રિયંકાએ પૈસા પડાવવા કહ્યું કે મારી બહેનપણીએ મારા કપડાં બદલતા ફોટો તેના પતિને મોકલી દીધા છે. તેના પતિએ ધમકી આપીને દસ લાખ માગ્યા હતા જે પૈકી સાત આપી દીધા છે. બાકીના ૩ લાખની માગણી કરતા પ્રકાશભાઈએ ૨ લાખ આપ્યા હતા. આવા ફ્રોડથી બચવા જે પણ સ્ત્રી કે પુરુષે મેટ્રિમોનિયલ સાઈટ પર આધાર કાર્ડ, પાનકાર્ડ, નોકરી, ધંધાના -ૂફ આપ્યા હોય તેની તેમજ સોસિયલ મીડિયા એકાઉન્ટની તપાસ કરવી જોઈએ. મેટ્રિમોનિયલ સાઈટ દ્વારા સંપર્કમાં આવનાર સ્ત્રી કે પુરુષ સાથે ઈમરજન્સી, મદદ, ગીફ્ટ, ટેકસ, રોકાણ કે અન્ય કોઈ નામે પૈસાની લેવડ દેવડ કરવી નહીં.

તેમજ મેટ્રિમોનિયલ સાઈટ ઉપર થતી વાત બાદ બંનેએ રથી ૩ વખત પર્સનલી મળવું જોઈએ. બંનેએ માત્ર ફોન, મેસેજથી વાત ન કરીને બંનેના પરિવારના સભ્યો સાથે પણ રૂબરૂ મુલાકાત કરવી. વિદેશથી મોંઘી ભેટ સોગાદની લાલચમાં કે ઉતાવળમાં લગ્ન કરી લેવાના દબાણમાં નિર્ણય ન લેવો. જે વ્યકિત સાથે મેટ્રિમોનિયલ સાઈટ ઉપર મુલાકાત થાય તેના ઘરે અથવા તો નોકરી - ધંધાના સ્થળે જઈને તપાસ કરી લેવી અને આજુ બાજુમાં પણ પૂછપરછ કરી લેવી. જ્યાં સુધી લગ્ન પાકા ન થાય ત્યાં સુધી અંગત ફોટા - વીડિયો શેર ન કરવા તેમજ વિડિયો કોલ કરવાનો સતત ઈનકાર કરે તો એલર્ટ થઈ જવું.

બીજી તરફ કોરોનામાં આર્થિક ફટકો પડતાં લોન લેવાનો પ્રોસિજર કરનાર કારખાનેદાર સાથે ૧૫.૫૭ લાખની ઠગાઇ થતાં પોલીસ ફરિયાદ દાખલ થઇ હતી. નિઝામપુરાના મહેસાણાનગરમાં રહેતા અને છાણીમાં ફેબ્રિકેશનનું કારખાનું ધરાવતા દિવ્યાંગભાઇ પટેલે પોલીસને કહ્યું છે કે, કોરોના દરમિયાન ધંધામાં મોટી ખોટ જતાં લોન લેવાની જરૂરિયાત ઉભી થઇ હતી.મારા એક પરિચિત મારફતે તપાસ કરતાં એનએલએફ લિ.બેન્કના કહેવાતા મેનેજર હિતેન્દ્રસિંહ રણજિતસિંહ ચૌહાણનો સંપર્ક થયો હતો.

ફરિયાદીએ કહ્યું છે કે મારા બે મકાન પર લોન લેવાની વાત કરવામાં આવી હતી અને તેનો -ોસિજર કરાયો હતો.હિતેન્દ્રસિંહ કારખાને આવ્યો હતો અને તેણે ૧.૪૦ કરોડની લોન મળશે તેવી ખાતરી આપી હતી.ત્યારબાદ તેણે લોન મંજૂરીનો લેટર અને લોનની રકમનો ડીડી બતાવી લોગીન ફી, એડવાન્સમાં ત્રણ ઇએમઆઇ,વહીવટની રકમ જેવા કારણોસર ૨૨.૫૭ લાખ લીધા હતા. આમ છતાં લોનની રકમ નહિ મળતાં અને ડીડીની મુદત પુરી થવાનો સમય આવતાં તેની પાસેથી આપેલી રકમ પરત માગી હતી.હિતેન્દ્રએ આપેલો ચેક પણ પરત ફર્યો હતો.જેથી તેના પર શંકા જતાં રકમની ઉઘરાણી કરી હતી અને ૭ લાખ પરત કર્યા હતા.બાકીની રૂ.૧૫.૫૭લાખ હજી પાછા આપ્યા નથી.જેથી ફતેગંજ પોલીસે ગુનો નોંધ્યો હતો.



બિલ્ડરોની 'વેઇટ એન્ડ વોચ' નીતિ કે આર્થિક ભીંસ?

RERA રજિસ્ટ્રેશનમાં મોટો ઘટાડો

૩ વર્ષમાં નવા પ્રોજેક્ટ્સનો ગ્રાફ ગગડ્યો! : પ્રોજેક્ટ નોંધણી ૧૫૭થી ઘટી ૪૨ : રાજ્યમાં રાજકોટનો હિસ્સો ૮.૬૩%થી ઘટીને ૫.૩૯% થયોઃ મોંઘી જમીનો, કડક નિયમો અને ચાલુ કામોના બોજ વચ્ચે બિલ્ડરો બેકફૂટ પર!



રાજકોટ, તા. ૭

સૌરાષ્ટ્રનું પાટનગર અને આર્થિક પાટનગર ગણાતું રાજકોટ શહેર રિયલ એસ્ટેટ ક્ષેત્રે હંમેશા ધમધમતું રહ્યું છે, પરંતુ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષના રેરાના આંકડાઓ એક નવો જ ટ્રેન્ડ દર્શાવી રહ્યા છે. રાજકોટમાં નવા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ નોંધાવવાની ગતિમાં નોંધપાત્ર ઓટ જોવા મળી રહી છે. ત્રણ વર્ષના આંકડાકીય વિશ્લેષણ પર નજર કરીએ તો રાજ્યના કુલ પ્રોજેક્ટ્સમાં રાજકોટનો હિસ્સો સતત ઘટી રહ્યો છે, જે દર્શાવે છે કે ડેવલપર્સ હવે નવા પ્રોજેક્ટ લોન્ચ કરવામાં ભારે સાવચેતી વર્તી રહ્યા છે.

ત્રણ વર્ષના આંકડાકીય ચિત્ર પર નજર કરીએ તો, વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રાજકોટમાં રિયલ એસ્ટેટ માર્કેટમાં મોટો ધમધમાટ હતો. એ વર્ષે કુલ ૧૫૭ નવા પ્રોજેક્ટ્સ રેરા હેઠળ રજિસ્ટર્ડ થયા હતા, જેમાં ૪૪ રેસિડેન્શિયલ, ૩૫ કોમર્શિયલ, ૭૬ મિક્સ્ડ યુઝ અને ૨ પ્લોટેડ પ્રોજેક્ટ્સનો સમાવેશ થતો હતો. આ સમયે સમગ્ર ગુજરાતમાં નોંધાયેલા કુલ ૧૮૧૮ પ્રોજેક્ટ્સમાંથી રાજકોટનો હિસ્સો ૮.૬૩ ટકા જેટલો ઊંચો હતો.

જોકે, આ ઉત્સાહ જાળવી રાખવો મુશ્કેલ બન્યો હોય તેમ વર્ષ ૨૦૨૫-૨૬માં રજિસ્ટ્રેશનનો ગ્રાફ નીચે આવ્યો હતો. એ વર્ષે કુલ પ્રોજેક્ટ્સ ઘટીને ૧૦૯ પર પહોંચી ગયા હતા, જેમાં ૪૨ રેસિડેન્શિયલ, ૨૭ કોમર્શિયલ, ૩૯ મિક્સ્ડ અને ૧ પ્લોટેડ પ્રોજેક્ટ હતો. રાજ્યના કુલ ૧૬૦૬ પ્રોજેક્ટ્સ સામે રાજકોટનો ટકાવારી હિસ્સો ઘટીને ૬.૭૯ ટકા થઈ ગયો હતો. આ ઘટાડાનો સિલસિલો ચાલુ વર્ષે એટલે કે ૨૦૨૬-૨૭માં પણ જારી રહ્યો છે. વર્તમાન વર્ષમાં અત્યાર સુધીમાં રાજકોટમાં માત્ર ૪૨ નવા પ્રોજેક્ટ્સ જ રેરા હેઠળ નોંધાયા છે, જેમાં ૧૫ રેસિડેન્શિયલ, ૧૩ કોમર્શિયલ અને ૧૪ મિક્સ્ડ પ્રોજેક્ટ્સ છે, જ્યારે પ્લોટેડ પ્રોજેક્ટ્સમાં ખાતું પણ ખુલ્યું નથી. આ સાથે રાજ્યના કુલ ૭૭૯ પ્રોજેક્ટ્સમાં રાજકોટનો હિસ્સો ઘટીને માત્ર ૫.૩૯ ટકા પર આવી ગયો છે.

બીજી તરફ, નવા પ્રોજેક્ટ્સ લોન્ચ કરવાને બદલે બિલ્ડરો પોતાના ચાલુ પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવા માટે એક્સ્ટેન્શન મેળવવાની દિશામાં વધુ સક્રિય બન્યા છે. પ્રોજેક્ટ એક્સ્ટેન્શનના આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૪ પ્રોજેક્ટ્સ માટે એક્સ્ટેન્શન લેવામાં આવ્યું હતું, જ્યારે ૨૦૨૫-૨૬માં આ આંકડો વધીને ૬૫ પ્રોજેક્ટ્સ પર પહોંચી ગયો હતો. વર્તમાન વર્ષ ૨૦૨૬-૨૭માં પણ અત્યાર સુધીમાં ૩૦ પ્રોજેક્ટ્સમાં બિલ્ડરોએ સમયમર્યાદા લંબાવવા માટે એક્સ્ટેન્શન મેળવ્યું છે.

નિષ્ણાતોના મતે આ ઘટાડા પાછળ કેટલાક મુખ્ય પરિબળો કામ કરી રહ્યા છે. રેરાના નિયમોની સતત કડકાઈ, ટીપી સ્કિમ અને પ્લાનિંગ મંજૂરીઓની પ્રક્રિયામાં થતો વિલંબ તેમજ જમીનોના ફૂદકે ને ભૂસકે વધતા ભાવોને કારણે બિલ્ડરો માટે નવો પ્રોજેક્ટ શરૂ કરવો આર્થિક રીતે પડકારરૂપ બની રહ્યો છે. આ ઉપરાંત, સ્થાનિક બજારમાં અગાઉ મુકાયેલી પ્રોપર્ટીનું વેચાણ અને હેન્ડઓવર પૂર્ણ કરવા પર ડેવલપર્સ વધુ ભાર આપી રહ્યા છે. એકંદરે, રાજકોટનું રિયલ એસ્ટેટ માર્કેટ હાલ આડેધડ વિસ્તરણ કરવાને બદલે અત્યંત સાવચેતીપૂર્વક અને સ્થિરતા સાથે આગળ વધી રહ્યું હોવાનું આ આંકડા પરથી સ્પષ્ટ થાય છે.

ત્રણ વર્ષની સરખામણી

પ્રકાર (Type)	૨૪-૨૫	૨૫-૨૬	૨૬-૨૭
રેસિડેન્શિયલ (Resi)	૪૪	૪૨	૧૫
કોમર્શિયલ (Com)	૩૫	૨૭	૧૩
મિક્સ્ડ (Mixed)	૭૬	૩૯	૧૪
પ્લોટેડ (Plotted)	૨	૧	૦
કુલ પ્રોજેક્ટ્સ (Total)	૧૫૭	૧૦૯	૪૨
રાજ્યના કુલ પ્રોજેક્ટ્સ	૧૮૧૮	૧૬૦૬	૭૭૯
રાજકોટનો ટકાવારી હિસ્સો	૮.૬૩%	૬.૭૯%	૫.૩૯%

બિલ્ડરોની મુદત વધારવાની મોડસ ઓપરેન્ડી કે નવા પ્રોજક્ટસ મૂકવા કરતાં જૂના પૂરા કરવા પર 'ફોકસ'?

રાજકોટના રિયલ એસ્ટેટ માર્કેટમાં માત્ર નવા પ્રોજેક્ટ્સની સંખ્યા જ નથી ઘટી, પરંતુ ચાલુ પ્રોજેક્ટ્સ નિર્ધારિત સમયે પૂરા કરવામાં પણ બિલ્ડરોને પરસેવો પડી રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. રેરાના આંકડાઓ સાક્ષી પૂરે છે કે છેલ્લા ત્રણ વર્ષમાં પોતાના પ્રોજેક્ટની કામગીરી પૂર્ણ કરવા માટે 'પ્રોજેક્ટ એક્સ્ટેન્શન' (સમયમર્યાદા લંબાવવા) માટે અરજી કરનારા ડેવલપર્સની સંખ્યા નોંધપાત્ર રહી છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૪ પ્રોજેક્ટ્સમાં બિલ્ડરોએ સમયમર્યાદા વધારવી પડી હતી. જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬માં તો આ આંકડો બમણાથી પણ વધીને સીધો ૬૫ પ્રોજેક્ટ્સ પર પહોંચી ગયો હતો. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં પણ અત્યાર સુધીમાં ૩૦ જેટલા પ્રોજેક્ટ્સમાં બિલ્ડરો દ્વારા એક્સ્ટેન્શન મેળવી લેવાયું છે. રિઅલ્ટી ક્ષેત્રના નિષ્ણાતોના જણાવ્યા મુજબ, કાચા માલના ભાવોમાં અસ્થિરતા, મજૂરોની અછત તેમજ નાણાકીય તરલતા (Cash Flow) ની ખેંચને કારણે નિર્ધારિત સમયમર્યાદામાં પ્રોજેક્ટ પૂરા કરવા મુશ્કેલ બની રહ્યા છે. પરિણામે, રેરાની પેનલ્ટી કે કાનૂની અડચણોથી બચવા માટે ડેવલપર્સ હવે નવા સાહસો શરૂ કરવાના બદલે જૂના પ્રોજેક્ટ્સમાં એક્સ્ટેન્શન મેળવીને ગમે તેમ કરીને કામ પૂરું કરવાને વધુ પ્રાથમિકતા આપી રહ્યા છે.

ગ્રાફ ગગડવા પાછળના મુખ્ય પરિબળો

રાજકોટના રિયલ એસ્ટેટ ક્ષેત્રે રેરા રજિસ્ટ્રેશનમાં જોવા મળેલા મોટા ઘટાડા પાછળ માત્ર મંદી જ નહીં, પરંતુ બજારના બદલાતા સમીકરણો અને કડક નીતિ-નિયમો પણ મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. ઇન્ડસ્ટ્રીના તજજ્ઞોના મતે આ સ્થિતિ પાછળ મુખ્યત્વે ત્રણ મોટા કારણો જવાબદાર છે.

- નિયમોની કડકાઈ અને પ્લાનિંગ મંજૂરીઓનો સમય : રેરા અને ટીપી સ્કિમના કડક અમલીકરણને કારણે હવે ડેવલપર્સ માટે અગાઉની જેમ 'ઓન પેપર' કે અધૂરી મંજૂરીઓએ પ્રોજેક્ટ લોન્ચ કરવાનું શક્ય રહ્યું નથી. ટાઉન પ્લાનિંગ, બીયુ પરમિશન અને વિવિધ સરકારી મંજૂરીઓ મેળવવામાં જ બિલ્ડરોનો ઘણો સમય નીકળી જાય છે. પૂરેપૂરા કાગળો અને મંજૂરીઓ હાથમાં આવ્યા બાદ જ રેરા રજિસ્ટ્રેશન શક્ય બનતું હોવાથી નવા લોન્ચિંગમાં મોટો વિલંબ થઈ રહ્યો છે.
- જમીનોના આસમાને પહોંચેલા ભાવ અને આર્થિક જોખમ : રાજકોટ શહેર અને ખાસ કરીને ૧૫૦ ફીટ રિંગ રોડ, કાલાવડ રોડ, મોરબી રોડ સહિતના પ્રાઇમ લોકેશન્સ તથા રિંગ રોડ-૨ આસપાસના વિસ્તારોમાં જમીનોના ભાવ આસમાને પહોંચી ગયા છે. જમીન મેળવવાનો ખર્ચ જ એટલો ઊંચો થઈ જાય છે કે નવો પ્રોજેક્ટ શરૂ કરવામાં બિલ્ડરો માટે આર્થિક જોખમ અને રોકાણનું ભારણ અભૂતપૂર્વ રીતે વધી જાય છે.
- હાથમાં રહેલા 'ચાલુ પ્રોજેક્ટ્સ' પૂર્ણ કરવા પર સિંગલ-પોઇન્ટ ફોકસ : અગાઉ એક પ્રોજેક્ટ પૂરો થાય તે પહેલાં બે નવા પ્રોજેક્ટ્સ લોન્ચ કરવાનો ક્રેઝ હતો, પરંતુ હવે ડેવલપર્સ પોતાની રણનીતિ બદલી રહ્યા છે. બિલ્ડરો હવે નવું સાહસ ખેડવાને બદલે હાથમાં રહેલા જૂના પ્રોજેક્ટ્સમાં એક્સ્ટેન્શન મેળવીને પણ કામ ઝડપથી પૂરું કરવા અને ગ્રાહકોને સમયસર પઝેશન આપવા તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

શાસકોના નિર્ણય સામે વહીવટી તંત્રના હાથ અધ્ધર

મનપામાં 'વેરા વ્યાજમાફી' મુદ્દે ઘર્ષણ : કરદાતાઓ અવઢવમાં

મુદ્દત પૂરી થવા છતાં સ્કીમ ચાલુઃ સ્ટેન્ડિંગ કમિટીમાં નવી દરખાસ્તની શક્યતા

રાજકોટ, તા. ૭

મહાનગરપાલિકા દ્વારા કરોડો રૂપિયાના બાકી વેરાની વસૂલાત ઝડપી બનાવવા અને નાના કરદાતાઓને આર્થિક રાહત આપવાના આશયથી અમલમાં મૂકાયેલી વ્યાજમાફી યોજના હવે શાસકો અને વહીવટી તંત્ર વચ્ચે અહંમ અને પ્રક્રિયાગત મતભેદોનો ભોગ બની છે. મિલકતવેરા અને પાણીવેરામાં રૂ. ૫-૫ હજાર મળીને કુલ રૂ. ૧૦ હજાર સુધીની વ્યાજમાફી આપવાની યોજનાને શહેરીજનો તરફથી બહોળો પ્રતિસાદ મળ્યો હતો અને હજારો નાના બાકીદારોએ આ સ્કીમનો લાભ લઈને પોતાના ખાતા ચોખ્ખા કર્યા હતા. જોકે, આ સફળતા બાદ શાસકો દ્વારા લેવાયેલા એક વધારાના નિર્ણયના કારણે સમગ્ર વહીવટી માળખું ખોરવાઈ ગયું છે.

નાના બાકીદારોને વધુ રાહત આપવાના હેતુથી પદાધિકારીઓએ અધ્યક્ષ સ્થાનેથી એવો ઠરાવ કર્યો હતો કે જે કરદાતાઓની બાકી મુદ્દલ રકમ કરતાં વ્યાજની રકમ વધી ગઈ હોય, તેમની પાસેથી મુદ્દલથી વધુ વ્યાજ વસૂલવું નહીં. એટલે કે, જો કોઈ કરદાતાનો મૂળ વેરો રૂ. ૨૦ હજાર હોય અને વ્યાજ રૂ. ૩૦ હજાર થયું હોય, તો વ્યાજ તરીકે માત્ર રૂ. ૨૦ હજાર



જ વસૂલવા. આ નીતિગત નિર્ણયનો હેતુ કરદાતાઓને અન્યાય ન થાય અને મનપાની તિજોરીમાં જૂનું બાકી લેણું જમા થાય તેવો હતો. પરંતુ, આ ઠરાવ કરતા પહેલા ઉચ્ચ અધિકારીઓ કે ટેક્સ વિભાગ સાથે કોઈ પરામર્શ, ચર્ચા-વિચારણા કે ટેકનિકલ મૂલ્યાંકન કરવામાં આવ્યું ન હતું.

પરિણામે, અધ્યક્ષ સ્થાનેથી ઠરાવ પસાર થઈ ગયાને લાંબો સમય વીતી ગયો હોવા છતાં વહીવટી તંત્ર દ્વારા તેની અમલવારી શરૂ જ કરવામાં આવી નથી. ટેક્સ વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, મનપાના કોમ્પ્યુટર સોફ્ટવેરમાં આ પ્રકારની ગણતરી માટે કોઈ ઓપ્શન કે સિસ્ટમ ઉપલબ્ધ નથી. સોફ્ટવેરમાં સુધારા કર્યા વગર અથવા વહીવટી મંજૂરીના સ્પષ્ટ આદેશો વગર નવી પદ્ધતિ મુજબ બિલિંગ કે વસૂલાત શક્ય નથી. આ ટેકનિકલ અડચણ અને સંકલનના અભાવે ટેક્સ વિભાગ પણ ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયો છે, કારણ કે મોટી સંખ્યામાં કરદાતાઓ પૂરેપૂરી મુદ્દલ રકમ ભરીને સ્કીમનો લાભ લેવા મનપાની કચેરીઓએ ધક્કા ખાઈ રહ્યા છે પરંતુ સિસ્ટમમાં સ્વીકાર થતો નથી.

બીજી તરફ, વ્યાજમાફીની મૂળ યોજનાની મુદ્દત ગત ૩૦ સપ્ટેમ્બરે પૂર્ણ થઈ ગઈ છે. આમ છતાં, વહીવટી તંત્રે યોજના સત્તાવાર રીતે લંબાવ્યા વગર જ 'મુદ્દત વધારાની પૂર્વ-મંજૂરીની અપેક્ષાએ' તેનો અમલ યથાવત રાખ્યો છે. શાસકો અને અધિકારીઓ વચ્ચે નીતિગત નિર્ણયોની અમલવારી મુદ્દે સહમતિ ન સધાતાં હાલ મડાગાંઠ સર્જાઈ છે. આગામી દિવસોમાં આ સ્કીમની મુદ્દત સત્તાવાર રીતે લંબાવવા અને મુદ્દલથી વધુ વ્યાજ ન વસૂલવાના ઠરાવનો અમલ કરવા માટે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત રજૂ થાય તેવી શક્યતા છે. પરંતુ જ્યાં સુધી શાસકો અને વહીવટી તંત્ર વચ્ચેનો આ વિવાદ ઉકેલાશે નહીં, ત્યાં સુધી કરોડો રૂપિયાની વસૂલાત અટકેલી રહેશે અને કરદાતાઓ વ્યાજ રાહતની રાહ જોતા રહેશે.

શિક્ષણ સમિતિની રચનામાં સરકારી બ્રેક

બિનહરીફ વરણી પછી પણ પદગ્રહણનો માર્ગ કેમ રૂંધાયો? : ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થયા છતાં સ્થાનિક તંત્ર-ગાંધીનગર વચ્ચે પ્રક્રિયા અટવાઈ

રાજકોટ, તા. ૭

રાજકોટ મહાનગરપાલિકાની નવી શિક્ષણ સમિતિનું માળખું કાગળ પર સ્પષ્ટ થઈ ગયું હોવા છતાં, વ્યવહારિક રીતે તે કાર્યરત થાય તેવા કોઈ એંધાણ હાલ દેખાતા નથી. કુલ ૧૫ સભ્યોની સમિતિ માટે રાજકીય પક્ષોના ૧૨ સભ્યો બિનહરીફ જાહેર થઈ ચૂક્યા છે, પરંતુ સરકારી સ્તરેથી થતી વહિવટી પ્રક્રિયામાં વિલંબના કારણે આખી સમિતિનું ભવિષ્ય હાલ ત્રીશંકુ સ્થિતિમાં લટકી પડ્યું છે. આ સમગ્ર વિલંબનું મુખ્ય કારણ ગાંધીનગરથી પ્રસિદ્ધ થનારું સત્તાવાર ગેઝેટ અને તંત્ર તરફથી નામો મોકલવામાં આવી રહેલી ધીમી નીતિ છે.

સમિતિની રચનાના ગણિત પર નજર કરીએ તો ૧૫ સભ્યોમાંથી ભાજપના ૧૧ અને કોંગ્રેસના ૧ સભ્ય સામે કોઈ ઉમેદવાર ન હોવાથી તેઓ બિનહરીફ બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. બાકીના ૩ સભ્યોની નિમણૂક રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. આ સરકારી ક્વોટામાંથી બે નામ ભાજપે અગાઉથી મોકલી આપ્યા છે, જ્યારે ત્રીજા સભ્ય તરીકે ગેઝેટેડ કેડરના અધિકારી અને A.V.P.T.ના પ્રિન્સિપાલ પંડ્યાના



નામ પર પસંદગીનો કળશ ઢોળવામાં આવ્યો છે.

આ પ્રક્રિયા વચ્ચે સામાકાંઠા વિસ્તારના એક મહિલા સભ્યની શૈક્ષણિક લાયકાતને લઈ પ્રદેશ ભાજપ નેતાગીરી પાસે માર્ગદર્શન માંગવામાં આવ્યું હતું, જેના કારણે પણ થોડી ક્ષણ માટે અનિશ્ચિતતા ઊભી થઈ હતી. પરંતુ કાયદાકીય નિયમ મુજબ શિક્ષણ સમિતિના સભ્ય બનવા માટે ધોરણ ૮ પાસની લાયકાત પૂરતી ગણાય છે. ઉપરાંત, ઉમેદવારી ફોર્મ ચકાસણી અને બિનહરીફ જાહેર થયાની પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી હોવાથી હવે નામ બદલાવાની કે ઉમેદવારી રદ થવાની કોઈ શક્યતા રહેતી નથી.

આમ છતાં, ખરી મુશ્કેલી વહિવટી મંજૂરી મેળવવામાં આવી રહી છે. નિયમ મુજબ પસંદગી પામેલા સભ્યોની વિગતો સ્થાનિક DEO (જિલ્લા શિક્ષણાધિકારી) કચેરી મારફતે રાજ્ય સરકારને મોકલવાની હોય છે, જ્યાંથી સરકારી ગેઝેટમાં તેની જાહેરાત થાય. પરંતુ હાલના તબક્કે DEO કચેરીમાંથી નામો આગળ મોકલવાની સમગ્ર પ્રક્રિયા સ્થગિત કરી દેવામાં આવી છે, જેના લીધે ગેઝેટ પ્રકાશનનું કામ અટકી પડ્યું છે. નિયમ એવો છે કે સરકાર દ્વારા ગેઝેટમાં નામોની આખરી યાદી પ્રસિદ્ધ કરવામાં આવે તે પછીના ત્રણ અઠવાડિયામાં શિક્ષણ સમિતિની પ્રથમ બોર્ડ બેઠક બોલાવવી ફરજિયાત હોય છે. આ પ્રથમ બેઠકમાં જ સ્ટેન્ડિંગ કમિટીની તર્જ પર સમિતિના નવા ચેરમેન અને વાઇસ ચેરમેનની વિધિવત વરણી કરવામાં આવે છે. પરંતુ હાલમાં તો ગેઝેટમાં નામ છપાવાની પ્રક્રિયા જ ઠપ્પ હોવાથી, નવરચિત સમિતિની પ્રથમ બેઠક અને ચેરમેન-વાઇસ ચેરમેનના પદગ્રહણનો સમગ્ર કાર્યક્રમ અનિશ્ચિત સમય સુધી લંબાઈ ગયો છે.